અથ શ્રી નંદિષેણની સજ્ઝાય.

("લાવણી" અથવા "અવગુન બીન મુજ નેમજીનું પ્રેમપીતું" —એ રાગ.)

વીર જીનેશ્વર સાહેબ પધાર્યાને, રાજગ્રહી નગરી મોઝારી,
શ્રેણીકરાય તિહાં વાંદવા આવ્યા, દેયે હરખે અપારી;
હાંરે હાંરે કે દરીશણ કરવા, ચોગતી તરવા રે વાણ,
અવગુણ વિના શ્રી વીરજીણંદની રે વાણી, મેરે દિલે માણીરે વાણ. એ ટેક
સમોસરણ તિહાં રચીયો સુંદર, સુરત મોહનગારી,
સિંહાસન પર દેવ બિરાજે, લલીત છબી હિતકારી;
હાંરે હાંરે કે દેશના દાખે, ભવિજીવ આખેરે વાણ. અવગુણ૦ ૨
નંદિષેણ તિહાં વૈરાગજ પામીને, વચન સુણી હિતકારી,
માત પિતાને કહે અનુમતી આપો, અમે સંયમ લેશું સુખકારી;

ચોખે ચિત્તે મુનિ મત્ત જ પાળે ને, દોનું થયાં ઉગ્ર વિહારી,
કર્મ ખપાવી કેવળ પામ્યા, હું તો જાઉં તેમને બલીહારી;
હાંરે હાંરે કે મતિ કોઈ નીંદો; ભવી જીવ વંદોરે વ ન્મ. અવગુણ૦ ૧૩
સંવત ઓગણીશે ત્રીસની સાલે, ફાગુણ માસ ઉલાસે,
રૂષી રામચંદજી કેરા પ્રતાપે, રૂષી રૂપચંદજી ગુણ ગાશે;
હાંરે હાંરે કે જે ધર્મ કરશે, તે સંસારને તરશે રે વાણુ. અવગુણ૦ ૧૪

अयवंता मुनिनी सज्झाय.

(રાગ—મલાર, " પાંડવ પાંચ વાંદતા મન મોહ્યુંજી "—એ દેશી.)
એક દિન ઋતુ વર્ષા તણી, આવી વરસે મેહ અપાર રે,
ઝબકતી વીજ સોહામણી, મોર કરે મધુરી કંગાર રે;
મોર કરે મધુરી કંગાર, જલધર વરસતો બહુ ગાજે રે. ૧
કાળે ઘન તે વરસીયો, મુનિ દેશાને કારણ જાય રે;
અયવંતો ઋષિ તેણે સમે, તે તો મુનિવર સાથે જાય રે (૨) જ૦ બ૦ ૨
નગરી બાહિર મુનીવર ગયા, ચાલે ભૂતળ અતિ ઘણો નીર રે;
અયવંતો ઋષી ઢુકડો, મેલી ગયા સાહસ ધીર રે (૨) જ૦ બ૦ ૩
મોહ ઉદયે તેણે મુનિવરે, બાંધી ભૂતળ માટીની પાળ રે;
જળ વહેતો તેણે રાખીયો, કીધા અધિક અતિ શોચાળ રે (૨) જ૦ બ૦ ૪
માંહિ તે મુંદી કાચલી, તે તો તરતી રહી ઉપર સોય રે;
મધુર વચન એમ ઉચરે, મોરી નાવ તરંતી જોય રે (૨) જ૦ બ૦ ૫
મુનિવર દેશાથી વળીયાં, આવી દેખે તો કૌતુક સાર રે;
મુનિવર તિહાં ઉચરે, તમે લીધા સંયમ બાર રે (૨) જ૦ બ૦ ૬
એક ઉદક બિંદુમાં કહ્યા, જીવ અસંખ્યાતા જાણ રે;
તે પ્રત્યે કેમ હીસીએ, જેહની ચાર પર્યા ચાર પ્રાણ રે (૨) જ૦ બ૦ ૭
પાપ થયાં શિષ્ય અતિ ઘણા, કાંઈ મોટી આલોયણ લીજે રે;
આપણે સૂરમણી સારીખા, માટે એ કરણી કેમ કીજે રે (૨) જ૦ બ૦ ૮
મુનિવર મનમાં એમ ચિંતવે, જીનજીને પુછશુ એ વાત રે;

જેથી જમડા રહેશે રે દૂર, અંત સમયે કામનું. ૩
હાંરે ભાઈ આષાઢ મહિને મન મોહ્યુરે, ભામની કેરા સંગમાં,
એમાં શું રે રહ્યો લલચાઈ, વિષયના રંગમાં,
મારી બુદ્ધી સહિત અંકુશ, વિષયના ઉન્માદમાં,
એની તૃષ્ણામાં ગયો રે તણાઈ, સમજ્યો નહિ સાનમાં. ૪
હાંરે ભાઈ ફાગણે રહ્યો શું ફુલાઈ, જુવાની કેરા જોરમાં,
ત્હારા શીરપર ફરે છે કાળ, લેશે પલક પહોરમાં;
તિહાં જમડા માગે રે જવાબ, અગ્નિમાં ઉંધો રાખશે,
માથે પડશે મુદગરનો માર, ઉંધે મસ્તક ટાંગશે. ૫
હાં રે ભાઈ ચૈતરે ચિત્ત રાખો રે, ગુરૂજી કેરા ચરણમાં,
બીજા ન કરો અવર ઉપાય, મારગ મળે મુગતીનો;
સેવો સદ્ગુરૂ સુખના દાતાર, કરમ તારા કાપશે,
મિટાવશે જન્મ મરણનો જંજાળ, અભય પદ આપશે. ૬
હાંરે ભાઈ વૈશાખે વહી ગયા રે, દિવસ તારા વાટમાં,
એમાં શું રે રહ્યો લલચાઈ, મનુષ્યના ઘાટમાં;
હાં રે ભાઈ પરનારીશું પ્રીત નહિં પ્રભુના નામની,
પહોર આઠ ને ઘડી બે ત્રીશ, કલપના કામની. ૭
હાં રે ભાઈ જેઠે જીવતરને ધિક્કાર, જપ્યા નહિં જગનાથને.
કલપી કલપીને દીધાં રે દાન, વહાલે ત્હારા હાથશું;
તું તો મિથ્યા સુખમાં મોહ્યો મતિ મુંઢ, પ્રભુને નથી પેખતો,
ત્હારી ફુટી ગઇ આંખો રે દોય, તેણે રે નથી દેખતો. ૮
હાં રે ભાઈ અષાઢે અનંત અનંત, કરમ તેં તો બાંધીયા,
તેં તો જાણ્યા નહિં જગદીશ, ગુરૂને નહિં વાંદીયા;
ત્હારા શ્રવણ પડયાં સુનકાર, પ્રભુને નથી પેખતો,
ત્હારે માથે ભયો છે મોહોટાઈનો ભાર, તેણે નથી દેખતો. ૯
હાં રે ભાઈ શ્રાવણે શીયળ પાળીને ઉદાર, સમજ્યા વિનાશું મળે,
સાકર કહે કહે નહિં આવે સ્વાદ, શીવરમણી સુખ મળે;
લાગ્યો અનુરાગપણાનો જંજાળ, દાઝે ત્રિવિધિ કેરા તાપમાં,

[illegible] १०
[illegible]
[illegible]
[illegible]
[illegible] ११
[illegible]
[illegible]
[illegible]
[illegible] १२

अथ श्री [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

अथ श्री उपदेशी शीखामण विषे

" गमार बावनी. "

(દોહરા.)

કરી ભરંસો કર્મનો કહે થાશે થનાર;
આપ તજે ઉદ્યોગને, એ પણ એક ગમાર. ૧
આખાની આશા થકી, અડપો તજે આહાર;
પછી પુરો પસ્તાય છે, એ પણ એક ગમાર. ૨
જે વસ્તુ જતી રહે, એનો શોક અપાર;
કરે સદા સંભારીને એ પણ એક ગમાર. ૩
તેલ તુલ્ય અંતર તપે, મુકે વળી વધાર;
બળતાને બાળે બહુ, એ પણ એક ગમાર. ૪
કરે વિચાર કર્યો વિના, અવસર વિરૂદ્ધ ઉચ્ચાર;
સમય વિષે સમજે નહિં, એ પણ એક ગમાર. ૫
જેની સોબતથી થયું, અતિ દુઃખ એક વાર;
વળી તેની સાથે વસે, એ પણ એક ગમાર. ૬
જાણે જે જેની જીભે, નીકળે સદા નકાર;
તોપણ માગે તે કને, એ પણ એક ગમાર. ૭
સહેજ વાતમાં સર્વપર, ખોટો રાખે ખાર;
વેર વધારે વિશ્વમાં, એ પણ એક ગમાર. ૮
સહસા કામ સમેટીને, વળતી કરે વિચાર;
પાણી પીને ઘર પૂછે, એ પણ એક ગમાર. ૯
વાધે નાણું વાવરે, આપે બની ઉદાર;
કરજ કર્યાનો ડર નહિં, એ પણ એક ગમાર. ૧૦
નિજ દુર્ગુણ દેખે નહિ, પરનિંદા પર પ્યાર;
છિદ્ર ઉઘાડે અવરનાં, એ પણ એક ગમાર. ૧૧
ભૂતળમા બુરાઇનો ભરે ભલો ભંડાર;
શાબાશી સ્વપ્ને ન લે, એ પણ એક ગમાર. ૧૨

વિરૂદ્ધ દીસે વિશ્વમાં, એમ સજે શણગાર;
અપજશથી નહિં ઓસરે, એ પણ એક ગમાર. ૨૭
કરે ખુશામત ચોર જન, વખાણ વારંવાર;
સાચું માને સર્વ તે, એ પણ એક ગમાર. ૨૮
આગળ કહે અમીર તું, પાછળ કહે કુંભાર;
એવાને નવ ઓળખે, એ પણ એક ગમાર. ૨૯
ઉપજ ખરચના આંકનો, શોધે નહિં સુમાર;
વણ લેખે ધન વાવરે, એ પણ એક ગમાર. ૩૦
પ્રથમ ચડાવી પુષ્પને, છેવટ છાંટે છાર;
ખચ્યું કનક ધૂળે ધરે, એ પણ એક ગમાર. ૩૧
સ્વારથ સાધ્ય સમે કરે, સ્નેહીનો સંહાર;
થોભ ન રાખે લોભનો, એ પણ એક ગમાર. ૩૨
છેતરવા જન જાતને, હિંમત કરે હજાર;
નીતિની રીતિ તજે, એ પણ એક ગમાર. ૩૩
કથને જનના કાળજા, કાપે જેમ કટાર;
ચતુરપણું ચિન્તમાં ગણે, એ પણ એક ગમાર. ૩૪
પાછળ જેના પંડને પડે સહુ ધિક્કાર;
એવા જેના આચરણ, એ પણ એક ગમાર. ૩૫
ભોગપણાથી ભમિમાં [illegible] હારોહાર;
કપટ કશું ન કળી શકે એ પણ એક ગમાર. ૩૬
વણ તેડ્યો વળી વળી આવે વાર અઢાર;
વણ બોલાવ્યો બહુ બકે એ પણ એક ગમાર. ૩૭
સંત જનને છળવા ધને બની ભલા [illegible];
માણસની નજર નહિ એ પણ એક ગમાર. ૩૮
ગુણ તો [illegible] ગણાય નહિ અવગુણનો અવતાર;
નિશ્ચ [illegible] એ પણ એક ગમાર. ૩૯
જનની [illegible] પ્રતિકાર
[illegible] ભવિષ્યનો એ પણ એક ગમાર ૪૦

માલ તણી મીઠાશનો, વિધની ભરે વખાર;
સાકી સોને સાક સમ, એ પણ એક ગમાર. ૪૧
પરનારીની પ્રીતથી, ખાંતે મળે ખુવાર;
જર જશ ને જોબન ખુવે, એ પણ એક ગમાર. ૪૨
ઉદ્યમને અળગો ધરી, જઈને રમે જુગાર;
ઇચ્છે ધન એના થકી, એ પણ એક ગમાર. ૪૩
પાપે પેટ ભરે સદા, ચહે સ્વર્ગ સંચાર;
ભભકો રાખે ભગતનો, એ પણ એક ગમાર. ૪૪
પક્ષ પાખંડી તણો, પણ રાખે પતિયાર;
ખત્તા ખાય ખરો પછી, એ પણ એક ગમાર. ૪૫
જેનાં કંઈક જતા રહ્યાં, જન જમરાજ દુવાર;
તોપણ તેનો ત્રાસ નહિં, એ પણ એક ગમાર. ૪૬
વેષે કલાક વહી ગઈ, ઉગ્યા પછી અગ્યાર;
તોય ન ચેતે ચિત્તમાં, એ પણ એક ગમાર. ૪૭
પોતે સોંપે પુત્રને, અન્ન ધન ને આગાર;
વેઠે સંકટ વૃદ્ધ થઈ, એ પણ એક ગમાર. ૪૮
વૃદ્ધપણે પરણે વળી, નાની સરખી નાર;
વગની હેરે હેરવાં, એ પણ એક ગમાર. ૪૯
પ્રભુ કરૂણાથી પૃથ્વી પર, મેં સુખી સરદાર;
આશીષ લે નહિં અવરની, એ પણ એક ગમાર. ૫૦
ઉપકારી જનનો કદી, ઉર ન ધરે આભાર;
દુનીયામાં દલપત કહે, એ પણ એક ગમાર. ૫૧
કાં તો નગર ભણ્યો ભલો, કાં તો ભલો ભણેલ;
અધવધરા જનથી જુઓ, બહુ બિગાડ બનેલ. ૫૨

मरनारनी पाछळ न रोवा कुटवा विषे.

("ગુરૂ ગોવિંદને હું નમું વણઝારારે."—એ રાગ.)

માનવીયો મરનારને ન રોયોરે, રોયે લાભ નથી લવલેશ;
ખાલી આંખ ખોયો રે.—એ ટેક.
ધીરજ મનમાંહિ ધારજો, ન૦ રોયોરે, હૈયું કુટીને રોતાં હમેશ; ખા૦ ૧
નરનું ધાર્યું તો થતું નથી, ન૦ એ ધાર્યું ધણીનું થાય; ખા૦
સઘળું બને તે તો સાંખજો, ન૦ એનો એકે નથી રે ઉપાય. ખા૦ ૨
જનમ લીધા જગે જેટલાં, ન૦ નથી સાથે સઉ જોડનાર; ખા૦
એકે આવ્યા ને એકે જવું, ન૦ નાના મોટાનો નહિં નીરધાર ખા૦ ૩
જન્મ્યાં કે સઉ મરી જાય છે, ન૦ નથી એમાં કશીરે નવાઈ; ખા૦
કાળજું બાળી ન કુટજો, ન૦ ભેળાં થઈને ન કરજો ભવાઈ. ખા૦ ૪
જ્યાં જ્યાં ગમે ત્યાં તમે જુઓ, ન૦ બહુ એવા બનાવ બનેલ; ખા૦
પુત્ર મુઆ કંઇક પરણીને, ન૦ ગુણવંતા ભણેલ ગણેલ. ખા૦ ૫
મેલી બાળક એક માસનું, ન૦ કંઈક માતાઓ પામી છે મરણું; ખા૦
તે જોઈ દુઃખ તમે તજો, ન૦ સમરો ઇશ્વર અશરણશરણ. ખા૦ ૬
રામ જેવા ગયા રાજવી, ન૦ ગઈ સીતા સમી સતી નાર; ખા૦
કુંવર ગયા શ્રી કૃષ્ણના, ન૦ સ્થિર કોઇ ન ઠર્યું આ ઠાર. ખા૦ ૭
ઇંદ્રપુરીયો ઉજ્જડ થઈ, ન૦ પાછી પૃથ્વીયો પામી વિનાશ; ખા૦
અગણીત પેઢી ગઈ આપણી, ન૦ નથી આપણે રેહેવાની આશ. ખા૦ ૮
કેને સંભારીએ કાળજે, ન૦ વળી કેની વિસારીએ વાત; ખા૦
જન્મ મરણ નદી જળ સદા, ન૦ વહે ચાલતુ દીવસ ને રાત. ખા૦ ૯
હિંમત ધરો હૈયા વિષે, ન૦ આપો બીજાને ધીરજ એમ; ખા૦
રડતા દેખીને બીજા રૂવે, ન૦ માટે કરીએ એવું કહી કેમ. ખા૦ ૧૦
વીતી તે વાત વિસારજો, ન૦ નહિં તો પામશો પીડા પંડ; ખા૦
રાખે હરી તેમ તો રહો, ન૦ એમ આનંદ પામો અખંડ. ખા૦

राम तंथा लक्ष्मणे वनवास जती वखते सीताजीने पियर तरफ जवा करेली भलामण विषे धोळ.

("આમેરૂં મોઘા મુલનું"—એ રાગ.)

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતાં સાથ;
કહે રઘુનાથ, પધારો પિયર ભણી.
નહિં તો અહીં રહો સસરાના રાજ્યમાં, હેતે હળીમળી સાસુ સંગાત;
નહિં તો જોડી હાથ, પધારો પિયર ભણી.—એ ટેક. ૧
અમે વસ્તી નહિં વસીએ વનિતા, અમે કરશું જઈ વનવાસ;
તમે પામો ત્રાસ, પધારો પિયર ભણી.
સાથે રથ કે ઘોડું નહિં રાખીએ, નહિં રાખીયે દાસી કે દાસ;
કોઈ અમ પાસ, પધારો૦ ૨
તમે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક;
દીઠી જેવો નાક, પધારો પિયર ભણી.
અમે વન ફળ ખાઈ ખુશીમાં રહેશું. કોઈ દિવસે તો કેવળ શાક;
વિના લુણ પાક, પધારો૦ ૩
વનમાં નથી મંદિર નથી માળીયા, નથી પોઢવા કાજે પલંગ;
રંગીત નવરંગ, પધારો પિયર ભણી.
કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સંથારો તે ખુંચે અંગ;
એમાં શો ઉમંગ, પધારો૦ ૪
વનમાં હીરના ચીર તો નહિં મળે, વનમાં નહિં મળે ફરતા ફુલેલ;
કે તેલ ધુપેલ, પધારો પિયર ભણી.
વનમાં નહિં મળે સાહેલી સાહેલીયો, કરશો કેસંગ ખાંતથી ખેલ;
ઉમંગ ભરેલ, પધારો૦ ૫
ઉષ્ણ કાળે વાશે ઉના વાયરા, એવું દેખીને થાશોઉ દાસ;
ત્યારે જોઈ આસ, પધારો પિયર ભણી.
વરસે મેઘ ને ઝબકે વિજળી, તેવે ટાણે તો તરૂ તળે વાસ;
નહિ છત્ર પાસ, પધારો૦

સીતાજીના ઉત્તર વિષે ધોળ.

(રાગ-ઉપર પ્રમાણે.)

એવું સાંભળીને સીતાજી કહે, સુણો સુંદર સ્વામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી.
જુદા પડવાની વાત વ્હાલા કહો, તે તો બોલ લાગે તિક્ષણ બાણ;
રઘુકુળ ભાણ, સાથે રાખો સ્નેહથી. એ ટેક. ૧
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરે, તુમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ, સાથે રાખો સ્નેહથી.
તમે જોગીનો વેષ જો ધારશો, તો હું જોગણનો ધરૂં વેષ;
જટા કરૂં કેશ, સાથે૦ ૨
સ્વામિ તુમેરે સુખી તો સુખ માહરે, તમે દુઃખમાં તો દુઃખમારે દેહ;
એમાં શો સંદેહ, સાથે રાખો સ્નેહથી.
જે કોઈ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બળ્યો ધીક એહ;
મુવા જેવી તેહ, સાથે૦ ૩
સ્વામી તુમ વિના મંદિર ને માળીયાં, ભાસે પરવત મોટાં સમાન;
વસ્તી તો વેરાન, સાથે રાખો સ્નેહથી.
મહા વનમાં ભરી વસ્તી ભાસશે. જ્યારે પામીશ દર્શન દાન,
કૃપાના નિધાન, સાથે૦ ૪
સાસુ સસરા ને માત પિતા સહુ, ભલે જીવો કરો રૂડાં રાજ;
મ્હને મહારાજ, સાથે રાખો સ્નેહથી.
સ્વામિ શું કરૂં ભાઈ ભોજાઈને. સ્વામિ શું કરૂં નૈયર સમાજ;
એનું નથી કાજ સાથે૦ ૫
સાચું સગપણ જગમાં સ્વામિતણું, બીજો સ્વાર્થી સઘળો સંસાર;
કુટુંબ પરીવાર, સાથે રાખો સ્નેહથી.
નાથ સાટે પાલણ તમે રાતજી, બીજો નથી આંસુનો લુંછનાર;
હું એક આધાર, સાથે૦ ૬

શીયળ વિષે.

("આનંદ ભયા મુજનું"—એ રાગ.)

સુણો સુખનું સકળ નરનારીઓ, મોટો શીયળ તણો અધિકાર,
શીયળ પાળો પ્રેમથી.—એ ટેક.

જે કોઈ શીયળ ધારી રીતે આચરે, અને થાય મનોરથ પાર. શી૦ ૧
[illegible] કૃપાની [illegible] ન [illegible], [illegible] શીયળ [illegible]. શી૦
[illegible] નરનારીને [illegible], એવા શીયળ વિના નરનાર શી૦ ૨
[illegible] અધિક [illegible] લોકમાં, પરલોકમાં મુક્તિ પમાય. શી૦
[illegible] શીયળની [illegible], [illegible] નરનારીઓ [illegible]. શી૦ ૩
માટે શીયળ [illegible] વિષે રાખજો, [illegible] [illegible] શી૦
[illegible] ન [illegible] દર [illegible], [illegible] શીયળ [illegible] ૪
[illegible] ન [illegible], નહિં [illegible] શી૦
[illegible] [illegible] ન [illegible]. શી૦ ૫
[illegible] [illegible] શી૦
[illegible] [illegible] શી૦ ૬
[illegible] [illegible] ન [illegible]. શી૦
[illegible] શીયળ ન [illegible]. શી૦ ૭
[illegible] [illegible] શી૦
[illegible] [illegible]. શી૦ ૮

પદ્માવતી રાણીની ચોથી ઢાલ.*

([illegible])

[illegible]
[illegible] ૧

* [illegible]

ત્યાંથી આગળ ચાલતાં, દીઠો તાપસ એક;
મનમાં ધીરજ ઉપની, અળગો ટળ્યો ઉદ્વેગ. ૨
તાપસ પુછે કોણ તું, સઘળો કહ્યો સંબંધ;
તાપસને પણ સુજાગે, ચેહાશું સંબંધ. ૩
દેઇ તાપસ આશાસના, મ કરીશ દુઃખ લગાર;
એ શંસાર અસાર છે, દુઃખ તણો ભંડાર. ૪
રાણીને જોરે કરી, ખવરાવ્યાં ફળ ફુલ;
સંપ્રેડણ સાથે ચલ્યો, તાપસ સહસ અમૂલ. ૫
આગળ જઇ ઉભો રહ્યો, આવી ગામની સીમ;
હળ ખેડી ધરતી હવે, મુજ ચાંલવુનું નીમ. ૬
સુણ પુત્રી એ દંતપુર, નામે નગર નજીક;
દંતવિક્રમ રાજા ભલો, તું જાજે નિભિક. ૭
એમ કહીને પાછો વળ્યો, તાપસ પર ઉપગાર;
રાણી પણ પદ્માવતી, પોહોંચી નગર મોઝાર. ૮

॥ ઢાળ ચોથી. ॥

(રાગ—"કેદારો" અથવા "કાચી કળી અનારકીરેહાં."—એ દેશી.)

હવે રાણી નગરી ગઇરે હાં, પુછંતી ધર્મશાળ; કર્મ વિટંબના.
વિધિશું વાંદી સાધવીરે હાં, બેઠી અબળા બાળ. કર્મ વિ૦ ૧
રોવા લાગી અતી ઘણુંરે હાં, નયણે નીર પ્રવાહ; કર્મ વિ૦
કોણ કોણ કષ્ટ મેં ભોગવ્યાંરે હાં, દુઃખ ધરી મનમાંય. કર્મ વિ૦ ૨
સાધ્વીએ ધર્મ સુણાવીયોરે હાં, એ સંસાર અસાર; કર્મ વિ૦
ધર્મ સામગ્રી દોહિલીરે હાં, કુટુંબ અનંતીવાર. કર્મ વિ૦ ૩
વૈરાગે મન વાળીયુંરે હાં, લીધો સંયમ ભાર; કર્મ વિ૦
ભિક્ષાથી બ્હીતી થકીરે હાં, ન કહ્યો ગર્ભ વિચાર. કર્મ વિ૦ ૪
અનુક્રમે વ્રત્ત પાળતાંરે હાં, વાધ્યું મ્હોટું રે પેટ; કર્મ વિ૦
કોઇ પાઇ ગ્રહ એટનોરે હાં, ન રહે છાનું નેટ. કર્મ વિ૦ ૫

કરે ગુરૂજી સેવી કદા રે હાં, અમે કરશું નીવેડ; કર્મ વિ૦
કોક બીક બિછે નહિં રે હાં, છેન આસન ઉદાસ કર્મ વિ૦ ૬
બેટો જયો આપની રે હાં, ગ્યાનો મુકયો મસાણ; કર્મ વિ૦
દત્તક લેસ શીર લીધીયો રે હાં, વળી મુંદરબીબીદીનાણ.કર્મ વિ૦ ૭
ત્યાં પણ બાળ મુંકાનહિ રે હાં, રે રે મુન્ય મસાણ; કર્મ વિ૦
ચંડાલ દેખી ચમકીયો રે હાં, ઓને લીધો આવ. કર્મ વિ૦ ૮
અપકરણ નામ થાપીયુ રે હાં, દિન દિન વાધે સેહ; કર્મ વિ૦
ચંડાલણીયું આપી રે હાં, મારે અધિક સ્નેહ. કર્મ વિ૦ ૯
ગુરૂજી પુરી આપી રે હાં, ગામ ન દીસે કેણ; કર્મ વિ૦
મેં આપો મુઓ થયો રે હાં, બાદિર પરકભ્યો તેણ. કર્મ વિ૦ ૧૦
બાળકશું બાળક રમે રે હાં, આપે યો મુજ દંડ; કર્મ વિ૦
આજ અણાવે હાથશું રે હાં, નામ પડ્યું દરદંડ, કર્મ વિ૦ ૧૧
સાધી આજ તપે ઘણું રે હાં, બાળકશું બહુ પ્રેમ, કર્મ વિ૦
બેટો પણ આને મળે રે હાં,મોહ વાધ્યો બહુ એમ. કર્મ વિ૦ ૧૨
મીઠા મેવા આપી રે હાં, ખાજા લાડુ ખુમં; કર્મ વિ૦
ચોરીને દીયે બાળને રે હાં; પિતા પિતા મોહનું. કર્મ વિ૦ ૧૩
કરહંડુ મોટો થયો રે હાં, રખવાળો મસાણ; કર્મ વિ૦
કર્મ ફુલાવે જીવને રે હાં, કોઈ ન ચાલે તાણ. કર્મ વિ૦ ૧૪
ઘાઘીકાળ એ મેંહદી રે હાં, રાગ કેદારે ગાય; કર્મ વિ૦
શામસુંદર કહેકર્મનીરે હાં,મેં ગવી કહી એનળાય. કર્મ વિ૦ ૧૫

अदेखा जवासा विषे.

(" વાંસલડી વાગી ને રે હું તો જાગી. "—એ રાગ.)
જવાસા શીદને મરે છે સુકાઈ, ભુંડું શું દીઠું વરસાદે ભાઈ,
જવાસા શીદને મરે છે સુકાઈ.—એ ટેક.
ચારે દિશા વર્ષાદની થઈ ચડાઈ, દેખી તેની સર્વ વધી સરસાઈ;
કાંરે ત્હારા ઉરમાં આવી અદેખાઈ. જવાસા૦ ૧

ચોથો કાળ અનંત ભવ દાખ્યમાં રે લોલ,
પ્રાણી એને તું મન વિચાર જો. શુભ જ્ઞાન૦ ૧
એક ગોળ આગર અવિકાશમાં રે લોલ,
ત્યાં શરીર અસંખ્ય નીગોદ જો;
જીવ અનંત કહ્યા જીન વીરજી રે લોલ,
પ્રાણી વીઠી આદ નિગોદ જો. શુભ જ્ઞાન૦ ૨
કોઈ દિન શુરપતિ નરપતિ તું થયો રે લોલ,
પામ્યો રૂપ અપ રાજ્ય ઉદાર જો;
કોઈ દિન રોયો ભોહીલો તું શાનમાં રે લોલ,
એમ ભટક્યો ચેતન નિરાધાર જો. શુભ જ્ઞાન૦ ૩
વરજી નીજ ગુણ મોહની છાકમાં રે લોલ.
પડ્યો અશુભ તણો પટરાય જો;
દેખી શ્વાન ભસે નીજ રૂપનેરે લોલ,
પરખુ કાચ તણા ઘરમાંય જો. શુભ જ્ઞાન૦ ૪
ભમ્યો ચોગતી ભાવ ચોગાનમાં રે લોલ,
પામ્યો ઉત્તમ એ નર દેહ જો;
ટાળે પાતીક એ હીણુ આદરે રે લોલ,
ધરણુ ધર્મ તણાં ગુણ એહ જો. શુભ જ્ઞાન૦ ૫
ભરી સુમતી સરોવર નીરશું રે લોલ,
કરો ઉજવળ નીજ ગુણ ચંદ જો;
કહે હીર મુનિ ભવ તારણો રે લોલ,
એમ ભાખ્યાં ઉપદેશ જીણંદ જો. શુભ જ્ઞાન૦ ૬

પ્રથમ પોતાનું સંભાળવા વિષે.

(દોહરા.)

પોતાનું ઘર પ્રજળે, તે તો પીઆ ટાળ;
પરની તારે શી પડી, તું તારૂં સંભાળ. ૧

વખત જશે વહી વાતમાં, કાળ ઝડપશે સાલ;
ચતુર હોય તો ચેતીને તું તારૂં સંભાળ. ૨
જળ લઇ જોઇએ તેટલું, ગરણું લઇને ગાળ;
નદી તળાવ ગળાય નહિં, તું તારૂં સંભાળ. ૩
તુજ ઘર પર પાણી પડે, પરઠવ ત્યાં પરનાળ;
નભ સઘળું ઢંકાય નહિ, તું તારૂં સંભાળ. ૪
પગે પગરખા પહેરીને, તાપ તપે તો ચાલ;
મેદની બધી મઢાય નહિં, તું તારૂં સંભાળ. ૫
પેખી જો તુજ પગ વિષે, આગી લાગી આળ;
શું બીજાને શીર જુવે, તું તારૂં સંભાળ. ૬
જલાય પાપ ન જગતનું, તારૂં પાપ પ્રજાળ;
બીજાને પછી બોધ કર, તું તારૂં સંભાળ. ૭
જળ તુજ ઘરથી વહી જવા, ખોદ પ્રથમથી ખાય;
વળતી બીજી વાત કર, તું તારૂં સંભાળ. ૮
પ્રથમ પેખ ઘરને પછી, જો આકાશ પાતાળ;
પાર ન આવે પર તણો, તું તારૂં સંભાળ. ૯
કર તું તારા બાગને, પાણી પેહેલી પાળ;
કરશે તો કરશે બીજા, તું તારૂં સંભાળ. ૧૦
પેખી ચળગત પારકી, અમથો અંતર બાળ;
કરશે તે ફલ પામશે, તું તારૂં સંભાળ. ૧૧
પાપ ન પેખીશ પારકું, નિજ ગુણ દોષ નિહાળ;
દુનિયામાં દલપત્ત કહે, તું તારૂં સંભાળ. ૧૨

श्री ऋषभदेवनुं स्तवन.

(" કર પડીકમણું ભાવશું "—એ દેશી.)

જગજીવન જગ વાલ હો, મરૂદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઉપજે, દરશણે અતિહી આનંદ લાલ રે, જગ૦ ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાળ લાલ રે;
વદન તે શારદ ચંદલો; વાણી અતિ રસાળ લાલ રે. જગ૦ ૨
લક્ષણ અંગે બિરાજતા, અષ્ટ સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. જગ૦ ૩
ઇંદ્ર ચંદ્ર રવી ગીરી તણાં, ગુણ લઈ ઘડીયું અંગ લાલ રે;
ભાગ્યકિહાં થકીઆવીયું, અચરીજ એહ ઉત્તંગ લાલ રે. જગ૦ ૪
ગુણ સઘળા અંગે કર્યાં, દૂર કર્યા સવિ દોષ લાલ રે.
વાચક જશ વિજય સુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ૦ ૫

શ્રી बाहु जीन स्तवन.

સાહેબ બાહુ જીનેશ્વર વિનવું, વિનતડી અવધાર હો;
સાહેબ ભવ ભયથી હું ઉભગો, હવે ભવ પાર ઉતાર હો. ૧
સાહેબ તુમ સરીખા મુજ શીર છતે, કર્મ કરે કેમ જોર હો;
સાહેબ ભુજંગ તણો ભય ત્યાં નહિ, જે વન વિચરે મોર હો. ૨
સાહેબ જીહાં રવિ તેજે જળહળે, તિહાં કેમ રહે અંધકાર હો;
સાહેબ કેશરી જીહાં ક્રીડા કરે, તિહાં નહિં ગજ પરીચાર હો. ૩
સાહેબ તિમ જો તુમે મુજ મન રમો, તો નાશે દૂરીત સંભાર હો;
સાહેબ વચ્છ વિજય સુસીમાપુરી, રાય સુગ્રીવ મલ્હાર હો. ૪
સાહેબ હરીણ લંછન એમ મેં સ્તવ્યો, મોહની રાણીનો કંત હો;
સાહેબ વિજયાનંદન મુજ દીયો, જસ કહે સુખ અનંત હો. ૫

द्रौपदी अने नारदनी सज्झाय.

("રાયજી અમને હિંદુ આણ્યા કે રાય ગરાશીયાકે લોલ"-એ દેશી
આવ્યા નારદ મુનિ તેણીવાર કે, પાંડવ પાંચ ઘરે રે લોલ,
ઉઠી મળીયા યુધીષ્ટિર રાય કે, ભીમ હરખ ધરે રે લોલ;

દીકરા દ્રૌપદી લેઈ ગયો સોઈ કે, વેરી દેવતા રે લોલ,
અમને ન મળી ત્રીખંડ કે, શુદ્ધ કરી ઘો સુતા રે લોલ. ૮
નારાયણે તિહાં દીધો ટોલ કે, બોલ છે માહરો રે લોલ,
દ્રૌપદી દઉ તુમ હાથોહાથ કે, ભત્રીજો તાહરો રે લોલ;
એમ કરી ખબર કરાવી ત્રીખંડ કે, થઈ નહિં તે છતી રે લોલ,
એહવે આવ્યો નારદ તેણે કે, પ્રગટ કરી સતી રે લોલ. ૯
પાંડવ પાંચ ને જદુપતિ નાથ કે, પહોંચ્યા કંકાપુરી રે લોલ,
જીત્યો તિહાં પદ્મોત્તર વળી રાય કે, દ્રૌપદી વારી હરી રે લોલ;
વાજ્યો તિહાં જીતનો શંખ વાજીંત્ર કે, પહોંચ્યા સર્વે ઘરે રે લોલ,
મંગળ માય શીયળ પ્રભાવે કે, ઘરઘર ગુહી ઉછળે રે લોલ. ૧૦
દ્રૌપદીએ પાળ્યું નીર્મળ શીળ કે, લીલ પામી ઘણું રે લોલ,
આયુ પાળી પહોંચી બ્રહ્મલોક કે, આગમ વચન સુણી રે લોલ;
પોરબંદરમાં રહી ચોમાસ કે, સતી ગુણ વર્ણવ્યા રે લોલ,
મુનિ મયાચંદને શ્રાવકે સહુ કે, ભલે ભાવે વિનવ્યા રે લોલ. ૧૧

उपदेशी सज्झाय.

("રાગ પરજીયો.")

જ્ઞાન સુધા રસ પીજીયે, જબ લગે ઘટમાં પ્રાણ;
આ જુગ જુઠો જાણજો, જાણો સ્વપ્ન વીલાસ. જ્ઞાન૦ ૧
અમૃત પીતાં ના કીજીયે રે, કાંઈ આળસ અંગ;
ઓચિંતાનો આવી મળે, કાળ રૂપી ભોરંગ. જ્ઞાન૦ ૨
લખ ચોરાશી યોનીમાં રે, ધર્યાં બહુ અવતાર;
દુર્લભ દેહી માનવની; પામ્યાં મનુષ્યાવતાર. જ્ઞાન૦ ૩
ફરી ફરીને નહિં મળે રે, આ અવસર સાર;
ઝબકે શું મોતી પરોવી લ્યો, પછી ઘોર અંધાર. જ્ઞાન૦ ૪
જેવાં તે ઝાકળ ઝાંઝવા રે, જળ બીંદુ ને વીજ;
એવાં આ દેહીના રૂપ છે, આતમ કારજ સાધ્ય. જ્ઞાન૦

પાંચમો ભવ અતિ દીપતો, એતો નર અપરાજીત સાર મારા વાલા;
પ્રીતવંતી હું તાહરી, હું તો હતી હૈયાનો હાર મારા વાલા. હું૦ ૭
છઠ્ઠો ચારિત્ર હરખે ભરી, હવે છઠ્ઠો ભવ ઉદાર મારા વાલા;
આરણ દેવલોકે બે જણાં, સુખ વીલસ્યાં શ્રીકાર મારા વાલા. હું૦ ૮
સંખરાજાનો ભવ સાતમો, હું તો જસોમતિ પ્રાણ આધાર મારા વાલા;
વીસ સ્થાનક ફરસ્યાં તિહાં, તિહાં વર્ત્યો જયજયકારમારા વાલા.હું૦ ૯
આઠમો ભવ અપરાજીત, કાંઈ વરસે જાય બત્રીસ હજાર મારા વાલા;
ઇચ્છા તે ઉપજે આહારની, એ તો પુર્વ ભવ પુન્ય પ્રકારમારાવાલા.હું૦૧૦
હરીવંશ માંહે ઉપના, તોરી શીવાદેવી માત મલ્હાર મારા વાલા;
નવમે તે ભવ કયાં પરીહરો, કાંઈરાખોજી લોક વહેવારમારાવાલા.હું૦ ૧૧
એવું સુંણીને સંબંધ પાછલા, નેમજી ભણ્યા બ્રહ્મ આચાર્ય મારા વાલા;
તમને સાથે તેડવા, હું આવ્યો સસરા દુવાર મારા વાલા. હું૦ ૧૨
એવું સુંણી રાજેમતિ, ગયાં તે પીઉજીની લાહાર મારા વાલા;
નિશ્ચિંકરએનાસાહેબા,રૂડે સ્નેહ પાળો મુક્તિ મોઝાર મારા વાલા,હું૦૧૩
ધન્ય ધન્ય તે જીનબાવીસમાં,જેણે તારી પોતાની નાર મારા વાલા;
ધન્ય ઉગરસેનની નંદીને, એ તો સતીયો માંહે શીરદારમારાવાલા,હું૦૧૪
સંસાર છોડી સંયમ આદર્યો, કર્મ ખપાવી કેવળ પામીયા મારા વાલા;
પહોંચ્યા છે મુક્તિમાંય, વર્ત્યો છે જયજયકાર મારા વાલા. હું૦ ૧૫

माननी सज्झाय.

માન ન કીજે રે માનવી, માને જ્ઞાન વિનાશ
ધ્યાન ન પામે ધરમનો, મરી મરી દુર્ગતિ જાય. માન૦ ૧
જે નર મહેલે રે પોઢતાં, કરતાં હાસ વિલાસ;
તે નર મરી રે માટી થયા, ઉપર ઉગ્યાં છે ઘાસ. માન૦ ૨
જે નર કસી કમ્મર બાંધતાં, શાલુ કસબી રે પાઘ;
તે નર રણુ અટવી પડયાં, ચાંચો મારે રે કાગ. માન૦ ૩
ચોસઠ સહેસ અંતેઉરી, પાયદલ છન્નુ રે ક્રોડ;
તે નર અંતે રે એકલા, સુતા ચીવર ઓઢ. માન૦

વન ઠાય મુનિવર વાંદવા છે, વચન સુણી વૈરાગ;
માત પિતાને એમ કહે છે, લેશું સંયમ ભાર. મુનિ૦ ૩
માત પિતા વળતા ઈમ કહે છે, તું નાનડીઓ રે બાળ;
ચારિત્ર છે વત્સ દોહીલો છે, જેસી ખાંડાની ધાર. મુનિ૦ ૪
પંચમહાવ્રત પાળવા છે, પર્વત મેરૂ સમાન;
દોષ બેંતાલીશ ટાળવા છે, લેવો સુજતો આહાર. મુનિ૦ ૫
મોહ રાજાના પ્રભાવથી છે, કાંઈ ઉઠી રે આગ;
મ્હારો કુંવર છે નાનડો છે, કેમે દુહવ્યો સુકુમાળ. મુનિ૦ ૬
રાય રાણીને વિનવે છે, રાણી કરીને વિચાર;
પાંચશે જણ વળી કરો છે, મેલો કુમારની સાથ. મુનિ૦ ૭
પાંચ સુમતિ તીન ગુપતશું છે, મુનિવર કરે રે વિહાર;
નગરી કુંતિ આવીયા છે, જન મન હરખ અપાર. મુનિ૦ ૮
નગરી તો બનેવી તણી છે, ડર નહિં એક લગાર;
નરેશ તો કામે ગયા છે, એકલા રહ્યા સાધ. મુનિ૦ ૯
મહેરજી વેગ પાંગર્યો છે, નગરી દીઠો રે પ્રવેશ;
શીર કાંઝે પાય બળે છે, મમતા નહિ લવલેશ મુનિ૦ ૧૦
રાય રાણી સોગઠે રમે રે, દ્રષ્ટે દીઠો રે સાધ;
મુજ બાંધવ ઈમહીજ હતા છે, નયણે વાહ્યા નીર. મુનિ૦ ૧૧
રાય રાણીને નીરખતાં છે, રાય મન હુઓ રે વીખવાદ;
રાયના જન હંકારીયા છે, જતીનો કરો પરીહાર. મુનિ૦ ૧૨
રાયના જન સાથે થયા છે, જતીની સાહી રે બાંહ;
અમને રાય આદેશીયો છે. બંધન દીધા રે સાધ. મુનિ૦ ૧૩
ધીરજ તો સાધુ કરે છે, ન લીયે આપણો રે નામ;
સમતા ભાવે ચાલીયા છે, લેતાં ભગવંતનું નામ. મુનિ૦ ૧૪
મસાણ ભૂમિકા લેઈ ચાલ્યા છે, કોપ ચડ્યો તેણીવાર;
ત્વચા ઉતારી દેહની છે, ના આણ્યો રોષ લગાર. મુનિ૦ ૧૫
પરિસહ તો સાધુ સહે છે; અંતગડ કેવળી રે હોય;
આઠ કર્મનો ક્ષય કરી છે, પહોંચ્યા મુક્તિ સોય. મુનિ૦ ૧

અઠે પંખી મુજીયા જી, રોયા રોઝ શીયાળ;
ત્વચા ઉતારી જીવતાં જી, તે રાણીનો વીર. મુનિ૦ ૧૭
હાહાકાર નગરી હુઈ જી, જોવા મળીયાં રે લોક;
રાય રાણી જોવા મળ્યાં જી, મળીયાં રાણો રાણુ. મુનિ૦ ૧૮
નજર તો ચૌદીશે જોઇ જી, ના દેખે મુનિના રે પાય;
કયાંય તો દીસે નહિ જી, હઈડો મ્હારો ભરાય. મુનિ૦ ૧૯
હવે આમણ દુમણ નીકળ્યા જી, ચેડી પુછે રે વાત;
દીહાંથી આવ્યા દીહાં જશો જી, કુણ તણા રજપુત, મુનિ૦ ૨૦
સાવથીનગરી અમે વસી જી, કનકકેતુ તિહાં રાય;
ખંધકકુમાર સંયમ લીયો જી, તેહની ચોકી થાય. મુનિ૦ ૨૧
વચન સુણી ચેડી તણાં જી, હઈડે ઉઠી રે ઝાળ;
હા હા મેં એ શું કર્યું જી. હણીયો નાનડીયો બાળ. મુનિ૦ ૨૨
પરિસ્સાહ તો સાધુ સહે જી, અવરે સહ્યા નહિ જાય;
આઠ કરમનો ક્ષય કરી જી, પામ્યાં સુખ અનંત. મુનિ૦ ૨૩
રાય રાણીને વિનવે જી, રાણી કરો રે વિચાર;
બંધવના દુઃખ દોહીલા જી, લેશું સંયમ ભાર. મુનિ૦ ૨૪
મણી માણેક ને મોતી જી, છોડયો રયણ ભંડાર;
મમતા મુકી રાજની જી, લેશું મંયમ ભાર મુનિ૦ ૨૫
મમતા મુકી રાજની જી, છોડયો સઘળો રે સાથ;
રાય રાણી સંયમ લીયો જી, પાંચસોને પરિવાર. મુનિ૦ ૨૬
કેવળજ્ઞાની સમોસર્યાં જી, પ્રશ્ન પુછે રે રાય;
આગે હતાં કે નવાં બાંધીયાજી, તે ભાંખ્યો ઋષીરાય. મુનિ૦ ૨૭
ઘણે કાળે બાંધ્યા હુતા જી, જે નથી હુયો રે ક્ષય;
સુરપણે પરિસ્સાહ સહ્યા જી, પહોંચ્યા મુકિત મોઝાર. મુનિ૦ ૨૮
વચન સુણી કે વળી તણાં જી, અધિકો હુઓ વૈરાગ;
આઠ કરમનો ક્ષય કરી જી, પહોંચ્યા મુકિત મોઝાર. મુનિ૦ ૨૯
કરજોડી કવીયણ ભણેજી, સુણજો ભવીયણ લોક;
કર્મતણાં બંધ મત કરો જી, જાઓ શીવપુર લોક. મુનિ૦ ૩૦

राजेमती अने नेमनाथनी सज्झाय.



છેનેશર કેશર ભીનેવેશ,(૨) રાજેમતી રાણીને તજ્યારે.માણુરાજ.

૨વ ભવની પ્રીતલડી સંભાળ રે, કાંઈ પ્રીતલડી સંભાળ;
કોર નં થઈયે નાહલા રે. માણુ૦ ૧

દેવરાય તાહરી જાન જોયાની હોંશ રે, કાંઈ જાન જોયાની હોંશ;
રણુથી કેમ પાછા વળ્યા રે. માણુ૦ ૨

જુલ ચાલ્યા પીયુજીની પાસ રે, કાંઈ પીયુજીની પાસ;
ટમાં વરસ્યા મેહુલા રે. માણુ૦ ૩

ભીંજાય ભીંજાય ચુંદડીયો ને ચીર રે, કાંઈ ચુંદડીયો ને ચીર;
ભીંજાય કોશ કંચુવા રે. માણુ૦ ૪

જુલ પેઠાં ગીરી ગુફાની માંહી રે, કાંઈ ગીરી ગુફાની માંહિ;
તાર્યાં ભીના વેશવા રે. માણુ૦ ૫

મુક્યાં કાંઇ ચુંદડીયો ને ચીર રે, કાંઇ ચુંદડીયો ને ચીર;
મુક્યાં કોશં કંચવા રે. માણુ૦ ૬

દીઠાં દીઠાં રાણીજીનાં રૂપ રે, કાંઈ રાણીજીનાં રૂપ;
કાઉસગ્ગથી રહનેમી ડગ્યા રે. માણુ૦ ૭

પદમણી કાંઈ પુરૂ મનની આશ રે, કાંઈ પુરૂ મનની આશ;
રમીને મન રીઝવું રે. માણુ૦ ૮

જમ્યાં જમ્યાં ભાત રસાળ રે, કાંઇ ભાત રસાળ;
વમેલો વાંછે ભુંડલો રે. માણુ૦ ૯

દીયરજી તુમ દુષ્ટ વચન સંભાળ રે, કાંઈ દુષ્ટ વચન સંભાળ;
આશા ન કરશો અમ તણી રે. માણુ૦ ૧૦

એ રે સતીનાં જે ગુણ ગાશે રે, કાંઈ જે ગુણ ગાશે;
મનવંછીત આશા તો ફળે રે. માણુ૦ ૧૧

परनारीनी प्रीत तजवा विषे सज्झाय.

(દેશી—'લલના' ની.)

પરનારીની રે પ્રીત, ભવોભવ છંડીયે, લલના.
શીયળ અમુલક રત્ન, જતન કરી રાખીયે; લલના.
ખરચે સોનાની કોડ્ય, રતન હીરા ઘણા, લલના.
તોયે ન છુટે રે પાપ, એ પરનારી તણાં. લલના. ૧
પરણ્યો પંચની શાખ, તો તે નારી ભલી, લલના.
જો હોય પોતાની નાર, તોય આખર છંડીયે; લલના.
શીયળ અમુલક રત્ન, જતન કરી રાખીયે, લલના.
જે નર ઘોડે સ્વાર, તો પાળા દોડી વળ્યાં. લલના. ૨
જે નર હોય ચતુર, તો તે નર ચેતી રહ્યાં, લલના.
જે નર હોય મુંઢ ગમાર, તો તે નર લપટાઇ રહ્યાં; લલના.
અખડ બખડની વાતો, વસે રે ખંડખંડમાં, લલના.
ખાસી અંધારી રાત, ઝબુકે વીજળી. લલના. ૩
ઝરમર વરસે છે મેહ, રાજુલ ભીંજાય ચુંદડી, લલના.
સરખી સહીયરોની ટોળીમાં, રાજુલ બેઠાં માળીયે; લલના.
ફરકે છે જમણેરૂં અંગ, જાદવ પાછા વળ્યા, લલના.
પેલી બની બેઠું શું બોલો, જાદવ પાછા નહિ વળે. લલના. ૪
જેસું બંધાણી છે પ્રીત કે, ટાળી નહિ તુટે, લલના.
દુધ સીંચાવોને લીંબ કે, કડવાસ નહિ મટે; લલના.
જેણે ખાધા વછનાગ કે, ઝેરથી નહિ મરે, લલના.
જેણે ઓળંગ્યા સાપ કે, વીંછીથી નહિ ડરે. લલના. ૫
ઝેર સીંચાવો દ્રાક્ષ કે, મીઠાસ નહિ મટે, લલના.
એક મોતી ને બીજું મન કે, ભાગ્યું નહિં ભળે; લલના.
જેના પડયાં રે સ્વભાવ કે, ટાળ્યાં નહિં ટળે, લલના.
હીરવિજયની જોડ તો, સઘળી પુરી થઈ. લલના. ૬

कायाये जीवप्रत्ये करेली विनंति विषे सज्झाय.

એકલડી મત મેલો, જીયા જી માને એકલડી મતી મેલો. એ ટેક.
સેજ બીછાય પલંગ પર સુતી, અબ ધરતીયે મતી મેલો;
ઝાઝા જતન કરાવું મ્હારા પ્રભુ જી, માહરે મંદીરીયે ખેલો. જી૦ ૧
જીવ કહે રે સુણુ કાયા રે ભોળી, થારો મારો ન્યારો [1]ગેલો;
હમેં પરદેશી ઉઠકર જાસી, મ્હારો રહેણો બને નહિં ભેળો. જી૦ ૨
લાખ ચોરાશીમા ભમતાં ભમતાં, પ્રીત કરી ઘણી વેળા;
આપ ઘર એ શી રીત બની હે, અંતે થારો માહરો દેહેણો એકીલો. જી૦ ૩
ખાઈ ખાઇ લોહી માંસ વધાર્યો, દ્રવ્ય કુટુંબ કરી ભેળો;
સજ્જન ધન અંતે કામ નહિં આવે, મ્હારો શ્વાસ ગયો જબ છેલ્લો. જી૦ ૪
દયા વીહુણા મુને લોક ઉઠાવે, જંગલ લગે દેવે જેરો;
તુજ વીના મુને માટીમા મીલાવે. હાયહાય પાડું [2]હેલો. જી૦ ૫

चेतनने समजनी सज्झाय.

("સદ્‌ગુરૂ ગુણજો રે કરમ સમો નહિં કોઈ."—એ દેશી.)

ચેતન ચેતજો રે એ કાળ ન મેલે કેડે,
સંબલ સીધર સાથે લેજો, કીનાસ વસે છે નેડે. ચેતન૦ ૧
છાયા મીશ કરીયે નિત્યે, છળગ વેશે છાનો;
ઓચિંતા એ પકડી જાશે, કાંઈક ચલાવી બાનો. ચેતન૦ ૨
તનું રૂપ એ જીવ બટેરો. ઇચ્છારામે રમતો;
ક્રુર વિનાશ એ સમળી પેરે, લેઈ જાશે ભમતો. ચેતન૦ ૩
બાળા બુઢ્ઢા ગર્ભે હુતા, જોબન વય લેઈ જાવે;
કાચાં પાકાં સઘળાં એંઠાં. અહને દયા ન આવે. ચેતન૦ ૪

---

૧. રસ્તો. ૨. બુમ.

परनारीनी प्रीत तजवा विषे सज्झाय.

(દેશી—'લલના' ની.)

પરનારીની રે પ્રીત, ભવોભવ છાંડીયે, લલના.
શીયળ અમુલક રત્ન, જતન કરી રાખીયે; લલના.
ખરચે સોનાની કોડી, રતન હીરા ઘણા, લલના.
તોયે ન છુટે રે પાપ, એ પરનારી તણાં લલના. ૧
પરણ્યો પંચની શાખ, તો તે નારી ભલી, લલના.
જો હોય પોતાની નાર તોય અંબર છાંડીયે, લલના.
શીયળ અમુલક રત્ન, જતન કરી રાખીયે, લલના.
જે નર ધોરે [illegible] લલના. ૨
જે નર [illegible] લલના.
જે નર [illegible] લલના.
અખંડ [illegible] લલના.
[illegible] લલના. ૩
[illegible] લલના.
[illegible] લલના.
[illegible] લલના.
[illegible] લલના. ૪
[illegible] લલના.
[illegible] લલના.
[illegible] લલના.
[illegible] લલના. ૫
[illegible] લલના.
[illegible] લલના.
[illegible] લલના.
હીરવિજયના [illegible] લલના. ૬

कायाये जीवप्रत्ये करेली विनंति विषे सज्झाय.

એકલડી મત મેલો, જીયા જી માને એકલડી મતી મેલો. એ ટેક.
સેજ બીછાય પલંગ પર સતી. અબ ધરતીયે મતી મેલો;
આશ જતન [illegible] મહાના પ્રભ જી. [illegible] મંદીરીયે એલો. જી૦ ૧
જીવ કહે રે સુણ કાયા. [illegible] ગેલો;
હમ પરદેશી ઉઠકર જાસી મહારો સંદેશો બને નહિં બેગો. જી૦ ૨
લાખ ચોરાશીમ ભમતા ભમતા. પ્રીત કરી ઘણી વેળા;
આપ ઘર [illegible] દેહેકો એદીલો. જી૦ ૩
ખાઈ ખાઈ [illegible],
સજ્જન ધન [illegible] જીવા જબ [illegible] જી૦ ૪
દયા [illegible]
[illegible] જી૦ ૫

चेतनने समजनी सज्झाय.

તું જાણે પરવારી જઇશું, લોચા સઘળા ધોઇ;
હાંહાં કરતાં લેઇ જાશે, સહુકો રહે એમ જોઇ. ચેતન૦ ૫
તું અમરપેરે સ્થીર થઇ બેઠો, લોચા વાળે મુંહ;
લખપતિ નરપતિ શેઠ સાર્થવાહ, તુજ આગળ કેઇ ખુંઠ. ચેતન૦ ૬
આજ કાલ કે પોર પરારે, ધર્મે વિલંબ જ કરતો;
ક્ષણ ક્ષણ આયુષ્ય ઓછો થાયે, અંજળી જળ જીમ ખરતો. ચેતન૦ ૭
તારે તો રોહણમાં ગાજે, બહેરો થઇને બેઠો;
તુજ આગળ કેઈ નર ચાલ્યા, તું એ પંથે પેઠો. ચેતન૦ ૮
વાર કવાર એ સુખી દુઃખી, ન ગણે એકે ટાણું;
અવર રૂઠયા તે દામે યાચે, ન વળે એહનું આણું. ચેતન૦ ૯
નિશ્ચિંત નવ સુઇયે પ્રાણી, જમનો ઝાઝો જોરો;
માત પીતાદિક જોતાં લેશે, કેનો ન ચાલે તોરો. ચેતન૦૧૦
સમરથાયે ચેત્યો નહિં પ્રાણી, આવે આયુ બહુ ઝુરે;
ખુટતાં વારે કેવી લાગે, શાયરને જેમ પુરે. ચેતન૦૧૧
રાત દિવસ ચાલે એ પંથે, કિણે ન જાયે કળીયો;
થાવચ્ચાદિક તે મુનિ ચેત્યા. તેહને એ ભય ટળીયો. ચેતન૦૧૨
પાણી પહેલી પાળ જે બાંધે, તે જગમાહિ બળીયો;
ઘર લાગે કુવો જે ખોદે, તે મુરખમાં ભળીયો. ચેતન૦૧૩
જરા કુત્તિ જોબન એ સસલો, આહેડી જમ જાણો;
જીહાં જાસે તિહાં એ મારે, ચિત્તમાં કાં નવિ આણો. ચેતન૦૧૪
એવું જાણી ધર્મ આરાધો, શું કરે તે જમ બળીયો;
વીર વીમળ ગુરૂ શિષ્ય વિશુદ્ધ કહે, જઈ શીવપુરમાં ભળીયો. ચેતન૦૧૫

શ્રી ધર્મનાથજીનું સ્તવન.

("હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચાર જો"—એ દેશી.)
હાંરે મારે ધર્મ જીણંદશું, લાગી પુરણ પ્રીત જો,
જીવડલો લલચાણો, જીનજીની ઓલગે રે લોલ;

તું જાણે પરવારી જાઉં, હોયા ગળાના પોઇ;
હાંહાં કરતાં હોઇ જાશે, સહુકો રહે એમ જોઇ. ચેતન૦ ૫
તું અમરપેરે સ્થીર થઇ બેઠો, હોયા વાળે મુંછ;
લખપતિ નરપતિ શેઠ સાર્થવાહ, તુજ આગળ કોઇ તુછ. ચેતન૦ ૬
આજ કાલ કે પાર પરારે, ધર્મ વિલંબ જ કરતો;
ક્ષણ ક્ષણ આયુષ્ય ઓછો થાયે, અંજલી જલ જીમ ખરતો. ચેતન૦ ૭
તારે તો રોહણમાં ગાજે, બહેરો થઇને બેઠો;
તુજ આગળ કેઇ નર ચાલ્યા, તું એ પંથે પેઠો. ચેતન૦ ૮
વાર કવાર એ સુખી દુખી, ન ગણે એકે ટાણું;
અવર રૂઠયા તે હામે વાર્યે, ન વળે એહનું આણું. ચેતન૦ ૯
નિશ્ચિંત નવ સુઇયે પ્રાણી, જમનો ગાઢો જોરો;
માત પીતાદિક જેના લેરો, કેનો ન ચાલે તોરો. ચેતન૦૧૦
સમરથાયે ચેત્યો નહિ પ્રાણી, અંતે આયુ બહુ ઝુરે;
બુડતાં વારે કેવી લાગે સાગરને જેમ પુરે ચેતન૦૧૧
રાત દિવસ ચાલે એ પંથે, કિણે ન જાયે કળાયો;
થાવચ્ચાદિક તે મુનિ ચેત્યા તેહને એ ભય ટળીયા. ચેતન૦૧૨
પાણી પહેલી પાળ જે બાંધે તે જગમાહિ બળાયો;
ઘર લાગે કુવો જે ખોદે તે મુરખના બળાયો ચેતન૦૧૩
જરા કુલિ તેબન એ નનલ. બાહિર જેમ ગાઢો;
જીહા જાસે તિહાં એ મારે, ચિત્તમાં કાં નવિ આણ્યો. ચેતન૦૧૪
એવું જાણી ધર્મ આરાધો શુભ કરતાં જમ બળાયો;
વીર વીમળ ગુરૂ શિષ્ય વિશુદ્ધ કહે જસ રીખ પુરનો બળીયો. ચેતન૦૧૫

શ્રી ધર્મનાથજીનું સ્તવન.

("હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચાર જો"—એ દેશી.)
હાંરે મારે ધર્મ જીણંદશું લાગી પુરણ પ્રીત જો,
જીવડલો લલચાણો, જીનજીની ઓલગે રે લોલ;

કોઈ હેત ને પ્યાર ગણ્યો નહિ, તેણે માંડી ધણીની ઘાત રે;
રાણી લોકીક શું લાજી નહિ, ઈસી અગાઈરી જાત રે. તમે૦ ૧૦
એ તો અવળી ગત નારી તણી, એણે કાંઈ ન કર્યો વિચાર રે;
એટલો મન શોચ્યો નહિ, મારા ખાલી હોઈ જાશે હાથ રે. તમે૦ ૧૧
કુમાર સુણી મન ચિંતવે, એ તો દુષ્ટણ દીસે છે માત રે;
બાપ મારો દુઃખી હતો, રહેતાં લોહી ખરડ્યા હાથ રે. તમે૦ ૧૨
જો ના કહું તો માતા છે બુરી, હા કહું તો પિતાની ઘાત રે;
કુંવર અવસરનો જાણ છે, મુખ બહાર ન કાઢી વાત રે. તમે૦ ૧૩
એ તો અણબોલ્યો ઉઠી ગયો, રાણીને ન દીધો જવાબ રે;
રાણી મન વિલખી થઈ, હાં હાં ગઈ મારી આબ રે. તમે૦ ૧૪
મેં તો કહ્યું હતું હિત ભણી, કુંવરને ન આવી દાય રે;
વાત પ્રગટ હુવા થકા, પડશે મુજ ગળામાં આય રે. તમે૦ ૧૫
કુંવર કહેશે એના બાપને, મ્હારી છાની પ્રગટશે વાત રે;
તો હું પહેલાં જ અવશર દેખીને, વ્હેલી કરૂં રાજાની ઘાત રે. તમે૦ ૧૬
એમ મનમાંહિ વિચારીને, કિહાં રાજા એકલો હોય રે;
છિદ્ર વિવર કરતી ફરે, તિહાં એક દીન અવશર દેખ રે. તમે૦ ૧૭
અતિ હાથ જોડી કરે વિનતિ, મુજને કૃપા કરો મહારાજ રે;
તુમને છે છઠ્ઠતણું પારણું, શો તો કીજીએ મ્હારે હાથ રે. તમે૦ ૧૮
એ તો મુખ ઉપર મીઠો લવે, માંડે છે બહુલી પ્રીત રે;
પણ અંતર ઘાત એશે ઘણી, જાણે દુશ્મન કેરી રીત રે. તમે૦ ૧૯
કુણ માતા પિતા ભામની, કોણ પૂત્ર સજ્જન મિત્ર ભાઈ રે;
દુશ્મન હોવે કપટા હિલરા, જબ કર્મ ઉદય હોય આઈ રે. તમે૦ ૨૦
વારંવાર રાણીએ કહ્યો, પરદેશીએ માની વાત રે;
હવે કુણ ઉપાય રાણી કરે, તે સાંભળજો ચિત્ત લાય રે. તમે૦ ૨૧
એક સગપણ પીયુંતણું, વળી બીજો મત્તનો ધાર રે;
ત્રીજો તપસી વૈરાગીયો, રાણીને નાવી કરૂણા લગાર રે. તમે૦ ૨૨
શ્રાવક મત લીધાં પછી, રાયે તેર બેલાં દીધાં રે;
ઓગણચાલીશ દિનમેં કરી, રાયે જશનાં નગારાં દીધાં રે. તમે૦ ૨૩

નમોથ્થુણં બોલે મુખ પૂર્વ રે, બાવણું દેશી ગમણને દીધ રે;
ધર્માચાર્ય મોટા આદરી રે, પૂર્વે મેં શ્રાવકના વ્રત લીધ રે. જોજો૦ ૮
આદરે હવડા વ્રત છે એમહીજ છે રે, જીવને ત્રિવિધ ત્રિવિધ ખમાય રે;
ઇહાં સેઉણું સુસને અખાખડી રે, ત્યાં આપ કહ્યા છો દેખ રે. જોજો૦ ૯
પાપ અઢારે સર્વ પરહરી રે, વળી પચખ્યો છે ચોવીહાર રે;
ઇષ્ટ કિંટંગ કાયા હુતી રે,ઓરાગવી છે છેલે શ્વાસોશ્વાસ રે. જોજો૦ ૧૦
સુરીકંતાએ એમ જાણીયું રે, હવે જીવ્યાનો કરે ઉપાય રે;
સુખ સમાધિ પુછણને મસે રે, રાજાને ગળે ટુંપો દીધ રે. જોજો૦૧૧
પણ પરદેશીએ ક્ષમા કરી રે, રહ્યો ધર્મનો શુભ ધ્યાન રે;
ઇસિથી ક્ષમા જો કોઈ સાધુ કરે રે, સહતે ઉપજે કેવળજ્ઞાન રે. જોજો૦ ૧૨
તેરમા બેલાનો હુતો પારણો રે, આલોઇને નિશ્ચલ થાય રે;
કાળ કરીને ઉપન્યા રે, સૂરભલ દેવ વિમાન રે. જોજો૦ ૧૩
પાંચે પર્યાપે કરી દીપતા રે, પ્રથમ દેવલોકે તતકાળ રે;
ક્ષમાને ટરણી દીપી અતિ ભલી રે,અલ્પ દિવસ વ્રત પાળીયા રે.જોજો૦૧૪

॥ ઢાળ ૨ જી. ॥

(રાગ—ચોપાઈ.)

રાણી લટા તોડી કરે સોગો, મ્હારા વ્હાલા તણો રે વિજોગો;
મને અન્નપાણી નવિ ભાવે, પરીવાર નહિ રે સુહાવે. ૧
હું તો ચાર દેશની હું નારી, કંથ કરી ચાલ્યા રે ખુવારી;
મારૂ નામ મતિ કોઈ લેજો, મ્હને દરિસણ દેખવા દેજો. ૨
રાણી લજ્જા કપટ મન ધરતી, ઉમરાવોને દૂરે કરતી;
રાણી આવી પરીચ કરાવી, રાણી માંહિ ગઇ રે ચલાઇ. ૩
રાણીએ ઇસડો અકારજ કીધો, રાજાને ગળે જઈ ટુંપો દીધો;
રાણીએ મનમાં ન આણી મયા, રાજાની નહિ જાણી રે દયા. ૪
મુવાનો કારજ કીધો, સુરીકંત કુંવર રાજ દીધો;
એવો અસ્થીર પદારથ જાણો, સંસારનો મોહ મતિ આણો. ૫
એમ ભાખ્યો શ્રી કેવળજ્ઞાની, જીણું વાત નહિ કોઈ છાની;
જીણે કહ્યો જે જીવ કરશે, સંસાર સમુદ્રને તરશે. ૬



॥ ઢાળ ૨ જી ॥

(દેશી—"બાર માસની".)

ી રે જે કહો તે સાચો સહી, માંરે ન આવે દાય, મોરી માતા.
મ લેશું માતજી, સાચો સુખ જેમ થાય; મોરી માતા.
એ ટેક. ૧
ચ્ચા કહે માતા પ્રત્યે.
ડી રે વિષયમાં ખુત્યાં માંનવી, તેને દોહિલો હોય; મોરી માતા.
ીરને છે સોહિલો, સંયમ વિચારી જોય. મોરી માતા. થા૦ ૨
ડીરે એ સંસાર અસાર છે,દુઃખમાં પૂર્યા છે લોક; મોરી માતા.
મ મરણ ભય તેહનો, દેહમાં છે બહુ રોગ. મોરી માતા. થા૦ ૩
ડીરે લક્ષ્મી ચંચળ જાણીયે,વિજળીનો જેમ ઝબકાર; મોરી માતા.
ીર કુટુંબની પ્રિતડી, આખર ધર્મ આધાર. મોરી માતા. થા૦ ૪
યડી રે કામની રંગ પતંગ છે, સાચો ન પાળે નેહ; મોરી માતા.
ગતી માર્ગની દ્વેષણી, તેણે શું કરવો સ્નેહ. મોરી માતા. થા૦ ૫
યડીરે લાખ ચોરાશી ફેરા ફર્યો,જીવ કર્મ તણે પરીમાણ;મોરી માતા.
ાનવ ભવ પુન્યે પામીયો,હવે કેમ થાઓ અજાણ. મોરી.માતા. થા૦ ૬
ાયડી રે દીન મુખે રડતી કહે, લીયો દીક્ષા કુમાર; મોરા પૂત્ર.
ર્મ જતન કરજો ઘણાં, જેમ જીવને હોય હિતકાર. મોરા પૂત્ર.
ાતા કહે થાવચ્ચા પ્રત્યે.

॥ ઢાલ ૩ જી ॥

("જીવડલા રે તું મ કર નિંદા પારકી રે."—એ દેશી.)

થાવચ્ચા ગાહાવણી ભેટણું લેઇને, આવ્યા શ્રી કૃષ્ણજીની પાસે જી,
હે સ્વામિ મુજ પુત્ર એક છે, તે લેશે સંજમ ઉલ્લાસે જી;
એ આંકણી. ૧
થાવચ્ચા ગાહાવણી ભેટણુ લેઇને.
તે માટે સ્વામિ તુમે દિજીયે, છત્ર ચામર ને વાજીંત્ર જી;
દિક્ષા મહોત્સવ કરવા કારણે,મન ઉમાહ્યો વિચિત્ર જી. થાવચ્ચા૦ ૨
કૃષ્ણ કહે શેઠાણી સાંભળો, તમે પધારોને ઘેર જી;
દિક્ષા મહોત્સવ હું કરશું સહી,તમારા કુંવરનો જેહ જી. થાવચ્ચા૦ ૩

કૃષ્ણ આવ્યા રે હરખ અતિ ઘણો, થાવચ્ચા કુમારને ઘેર જી,
દિક્ષા લ્યોછો તુમે શું કારણે, મુજને કહોને રે તેહ જી;
કૃષ્ણજી કહે થાવચ્ચા કુમારને. ૪
મુજ છત્ર છાંયામાં કુંવર તમે વસો, ભોગવો સુખ શીરતાજો જી;
તુમને પીડાકારક જે હુવે તેહને વારૂં આજ જી. કૃષ્ણ૦ ૫
દુખકારી નર મુજને કોઈ નહિ, સ્વામિ તુમારો આધારો જી,
પણ મુજ જીવને દુઃખ દીયે ત્રણ જણાં, મુકુંદ તેણે સંસારો જી;
થાવચ્ચા કહે શ્રી કૃષ્ણજી પ્રત્યે. ૬
કૃષ્ણ કહે રે તે નર કોણ છે, નામ કહોને કુમારો જી;
જન્મ જરા મરણ દુઃખ દિયે છે,કાયા દુઃખનો ભંડારો જી. થાવચ્ચા૦૭
એને નિવારો સ્વામિ જો તુમે. તો રહું ઇણ સંસારો જી;
તે નરને હું નવિ વારી શકું, મનુષ્યને વાર કુમારો જી. કૃષ્ણ૦ ૮
જીનવર સુરીવર ચક્રિ જે થયા. તેણે નવિ વાર્યો એહ જી;
કર્મ ક્ષય કરે છુટે તે સહી. લિયો દિક્ષા ધરી નેહ જી. કૃષ્ણ૦ ૯
સાદ પડાવે નગરી દ્વારીકા, રાજા અથવા કુમારો જી;
શેઠ સેનાપતિ દિક્ષા જે લીયે. પાળું હું તસ પરીવારો જી. કૃષ્ણ૦૧૦
થાવચ્ચાકુમાર દિક્ષા લે સહી, ધન મુકી પરીવારો જી:
તેહના રાગી સહસ્ત્ર પુરૂષ થયા, સંજમ લેવા ઉદારો જી. કૃષ્ણ૦૧૧
ઓત્સવ કૃષ્ણ મહારાજ કરે, ખરચે બહોળા દામ જી;
શીવીકાએ બેસે નીજ નીજ રથ થકી, આવ્યા વન તેહ ઠામ જી. કૃષ્ણ૦ ૧૨
સ્વહસ્તે દિક્ષા દીધી નેમજી; હુવા થાવચ્ચા અણગાર જી;
શિષ્ય પોતાના કરી થાપીયા, મહિતળે કરે વિહાર જી. કૃષ્ણ૦ ૧૩
અનુક્રમે શેલંગપુરી આવ્યા, શેલંગરાય શ્રાવક કીધા જી;
સોગંધીક નગરી થાવચ્ચા આવ્યા, સુદર્શન વ્રત લિનો જી. કૃષ્ણ૦ ૧૪
વાત સુણીને શુક તિહાં આવ્યો, સહસ સેનાપતિ સંઘાત જી;
મારો શિષ્ય એણે ભોળવ્યો, હવે કરૂં થાવચ્ચા શું વાત જી. કૃષ્ણ૦ ૧૫
પ્રશ્ન પડુત્તર શુક બહુ પુછીયા, કુટીલપણે ઉહાસો જી;
ચૌદ પૂરવ થાવચ્ચા મુનિવરૂ, પહોંચાય કેમ તાસ જી. કૃષ્ણ૦ ૧૬

છોડી ધર્મ મિથ્યાત્વ, શુક થયો અણુગારો જી;
સહસ્ત્રસન્યાસી દિક્ષા લીયે તિહાં, હુવો ચૌદ પૂરવ ધારો જી. કૃષ્ણ૦ ૧૭
આમ અણુગાણ સહસ્ત્ર સાધુશું, શેત્રુંજે કીધો સંથારો જી;
થાવચ્ચા મુની કેવળ પામ્યા, પોહોંચ્યા મુગતી મોઝારો જી. કૃષ્ણ૦ ૧૮

॥ ઢાળ ૪ થી. ॥

(" હું બલિહારી રે વીર ગુણ તાહરે રે " અથવા: " દેવકી તો આવી નંદન વાંદવા રે "—એ રાગ.)

શેલગપુર આવ્યા હો, શુક મુનિવરૂ રે, સહસ શિષ્ય પરીવાર,
શેલંગરાજા હો, પાંચશે મિત્રશું જી, કરે ધર્મનું કાજ;
હું ગુણ ગાઉં હો, થાવચ્ચા મુનીવરૂ રે, એ આંકણી. ૧
વૈરાગ્ય પામ્યો હો, શેલંગ રાજીયો રે, મંડુકને દેઈ રાજ;
દિક્ષા લીધી હો, પાંચશે મંત્રીશું રે, કરે ધરમનાં કાજ. હું ગુ૦૨
શુક આચાર્ય હો, પુંડરીકે ચડી રે, પાદોપગમન સંથારો કીધ;
સાથેસહસસાધુ હો, પરીવારે કરીરે, લીધી મુગ્તી થયા સિદ્ધ. હું ગુ૦૩
શેલંગઋષી હો, વિહાર કરતાં થકા રે, અંત પ્રાંત કરે આહાર;
રોગ વ્યાપો હો, કાયા તેહની રે, આવ્યા નીજ પુરી સાર. હું ગુ૦૪
તાત શરીરે હો, રોગ દેખી કરી રે, મંડુક કરે ઉપચાર;
વિવિધ પ્રકારે હો, ઓખધે કરી રે, સમાવ્યો રોગ તેણીવાર. હું ગુ૦૫
આહાર તણા હો, રસનાં લોલપી રે, થયા શેલંગ ઋષીરાય;
પડિકમણાદિ હો, કીયાને વિષે રે, પ્રમાદી હુવા ગુરૂરાય. હું ગુ૦૬
પાંચશે સાધુઓ હો, મનમાં ચિંતવે રે, રહેવુ નહિ એક ઠામ;
પંથક શિષ્યને હો, પાસે થાપીને રે, ચાલ્યા મુનિ સુજાણ. હું ગુ૦૭
કાર્તિક ચોમાસી હો, આહાર કરી ઘણો રે, સુતા શેલંગ ઋષીરાય;
પંથક ખમાવે હો, પડિકમણા સમે રે, આવ્યા મુનિ ચિત્તલાય. હું ગુ૦૮
શિષ્ય સંઘટે હો, તતક્ષણ જાગીયા રે, ક્રોધ ચડયો વિકાળ;
સુખ ભર સુતો હો, મુજને જગાડીયો રે, એવો કોણ ચંડાળ. હું ગુ૦૯
પંથક નામે હો, સ્વામિ શિષ્ય છું રે, ખમજો મુજ અપરાધ;
આજ પછી હું હો, અવિનય નહિ કરૂં રે, શ્રી જીનવચન આરાધ. હું ગુ૦૧૦

આમને વાવડીયાં રળીયામણી રે, સરોવર છે કાંઈ નેવાળોજ રે;
કેતકી ને મોર લવે બહુ કોયલો રે, શબ્દ રૂપ બોધ કરમના ભોગરે. ૨૦૪
જો થાંને નિણમાંહિ નહિ ગમે રે, તો તું જાજે ઉતારકેરે બાગ રે;
આવા ઝાડવીનાં શબ્દ સોહામણાં રે, શરદ હેમંત વસંતનજ્ગુ સુખકારરે. ૨૦૫
પશ્ચીમનો ત્રીજો બાગ સોહામણો રે, વસંત ગ્રીષ્મ ફળ સુખદાય રે;
લેજો ને આજે ફળ રળીયામણાં રે, રખે જાજો દક્ષિણ બાગ દુઃખમાંયરે. ૨૦૬
નિણમાંહે વાઘ સરપ છે મોટકા રે, ચંડ રૂદ્ર છે વિકરાળ રે;
રખે પીડા ઉપજાવે તુમ બાળી રે, માનજો મ્હારા વચન રસાળ રે. ૨૦૭

(દોહરો.)

રાની જીભ રસામણી, ચંડ રૂદ્ર છે તેણ;
તિણ કારણ તમે માનજો, માણવહ્મ મુજ વેણ. ૧

॥ ઢાળ ૯ મી. ॥

(" જાબજુ જાયો વીરો રે, વૈરાગી થયો. "—એ દેશી.)

બાઈ રોયે મતો દીયો રે, પડિયા સોચ અથાગ,
શા કારણે દેવી વર્જિયા, ચાલો દેખો દક્ષિણનો બાગ રે;
કિણ વિધ નીકળો. એ આંકણી. ૧
દેખતા દુર્ગંધ છે ઘણી રે; માથા બહુ હાડ તિણમાંય;
દીઠો એક શૂળીએ પુરૂષને, બંધન દીઠા થાય રે. કિણ૦ ૨
કિણ નગરી વસતો હતો રે, કેમ દુઃખ પડીયો રે આય;
થેં અન્યાય કિયો કીયો રે, થાંને શૂળીએ દીયો ચડાય. કિણ૦ ૩
હું કાકંદીનો વાણીયો રે, ઘોડા વેચવા જાય;
ડુબી જહાજ તિહાં નીકળ્યો રે, ભગ્નાદેવી વશ થાય રે. કિણ૦ ૪
કેઈ દિન સુખ ભોગવ્યાં રે, કાળ કેટલો જાય;
જે દિનથી ઇણને થેં મળ્યા રે, માને શૂળીએ દીયો ચડાય રે. કિણ૦ ૫
એ ગઈ છે સમુદ્ર બહારવા રે, પુરૂષ મીલે કોઈ આય;
ભોગવશે સુખ તિણ થકી, થાને દેશે શૂળી ચડાય રે. કિણ૦ ૬
જો બંચ્છો તમે જીવણો રે, બાગ પૂરવમેં જાય;
શેલક જક્ષ પાયે પડો, જક્ષ દેશે પાર પહોંચાય રે. કિણ૦ ૭

(દોહરો.)

હૈયે દ્વેષ છે અતિ ઘણો, વીલ વીલ કરે અપાર;
આડી નજરે જોવતી, કહે દેખુ તુમ અણપાર. ૧

॥ ઢાળ છઠ્ઠી. ॥

("શ્રીપત વજાવે વાંસળી" અથવા "અંજના સતીની"—દેશી.)

ફુલપગર વીખરા કરે, ગંધ વરણ વરસાવે મેહ તો,
રતનની ઘંટા વજાવતી, બોલે વચન ઘણાં સસનેહ તો;
મેલી કેમ જાઓ રે વ્હાલા, (એ આંકણી.) ૧
મેં ઉપકાર કર્યો ઘણો, વિસર્યા કેમ થોડા માંય તો;
ચુક બતાવો કોય મુજ ભણી, તો મારે મનમાં સુખ થાય તો. મેલી૦ ૨
કેમ મુજથી વિરક્ત થયા, મારૂં હૈયું ફાટી જાય તો;
મુખ દેખાડો રે મુજ ભણી, તો મુજ હૈયું ટાઢું થાય તો. મેલી૦ ૩
સમુદ્ર ભર્યો કાછબે, હું એકલડી રહી અનાથ તો;
પ્રાણ તજુ થારા ઊપરે, માંનો માંનો થેં મારી વાત તો. મેલી૦ ૪
વીલ વીલ કરતી વીનવે, શો અવગુણ પર મેલી મોય તો;
અવગુણ જાણું હું માહરો, થેં મારો દોષ ન કાઢ્યો કોય તો. મેલી૦ ૫
હાથ ઘસે શીષ ધુણતી, પસ્તાવો કરતી કેડે જાય તો;
કોઈ ઊપાય મળે નહિ, હાય હાય મુજને કેમ સુખ થાય તો. મેલી૦ ૬
ગળગળે નયણે વિનવે, એકવાર મુજ મુખને ભાળ તો;
દેવીને વચને મોહ્યો, મન ડગીયો જનરખ તત્કાળ તો. મેલી૦ ૭
અરજ સુણો એક માહરી, તુજ વીરહ મુજથી ન ખમાય તો;
ઘણા દીવસની પ્રીતડી, મુજથી કિમ વીસારી જાય તો. મેલી૦ ૮
મેં લાડકોડ કીધાં ઘણાં, પેહેરાવ્યાં ઘરાંણાં નવનવા વેશ તો;
અમૃત ભોજન ખાવતો, સાહામો દેખો નેહ નીરેસતો. મેલી૦ ૯
જીનરખ મુખ દેખાડજો, તો હૈયું મુજ ટાઢું થાય તો;
બહુ વીલખે છે બાપડી, જનરખ જોયો નેણ નીહાળતો. મેલી૦ ૧૦

(દોહરો.)

જહી જાણ્યો મન ડોલીયો, જનરખનો નિરધાર;
પુંઠ ઊછેડી પાછલી, નાંખી દીયો તેણીવાર. ૧

પુન્ય જહાજ બેઠા થકાં રે, સમુદ્ર તરીયા જાય રે;
જેહનો પુન્ય પુરો હુવે રે,તે તો બુડે ઇણ સમુદ્ર માંહિ રે. સમજો૦૩
એક જીવ તરી ગયા રે, તિહાં બેઠા સુખ માંહિ રે;
હાથે તે પડ્યો જિનરખજી રે,રયણાદેવીએ લીધો ઉપેટ માંહિ રે.સમજો૦૪
ટુંકીને સુળીયે ચઢાવીયા રે, વેહના મહા દુઃખ થાય રે;
આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં રે,તે તો મરીને માઠી ગતિમાં જાય રે. સમજો૦૫
રયણાદેવી તે કામની રે, તે વંશ બંધાયા ઘણા જીવ રે;
ઘાંણીના બળદતણી પરે રે, ચ્યારે ગતિમાં હાથી લોબા તાણે રે. સમજો૦૬
ધર્મથકી અળગા રહે રે, અહોનીશ નારીના કામ રે;
આંધીને બે કર બેસાડીયો રે,કેઇ જાણે તેનો અસલ ગુલામ રે. સમજો૦૭
હાય હાય કરતા દિન ગયા રે, દયા ન કીધી કાંઇ રે;
દાન સુપાત્રે દીધા નહિ રે, મરીને દુર્ગતિમાં જાય રે. સમજો૦૮
કોઇ પુન્યવંત પ્રાણીયો રે, શરણે ધરમ કેરે જાય રે;
શેલક જક્ષ સાધુ મળ્યા રે,રયણાદેવીનો કોઈ જોર ન થાય રે. સમજો૦૯
બારે વ્રત શ્રાવક તણા રે, પાળે નીર અતિચાર રે;
જઘન તીન ભવે ઉદ્ધરે રે, ઉત્કૃષ્ટો પનરે ભવે પાર રે સમજો૦૧૦
પાંચે મહાવ્રત સાધુના રે, પાળે જો નીર અતિચાર રે;
જઘન તેજ ભવે ઉદ્ધરે રે, ઉત્કૃષ્ટો પન્નરે ભવે પાર રે. સમજો૦૧૧
દેવલોક કેરી સાહ્યબી રે, પલ્ય સાગર સુખ માંય રે;
બત્રીશ વિધ નાટક પડે રે,એમ સુખમાં કંઇ સાગર જાય રે. સમજો૦૧૨
સાતે ભવ દેવો તણાં રે, આઠમો નર અવતાર રે;
દશાંગી ઋદ્ધી કહી રે, ઉત્તરાધ્યયન ત્રીજે અધ્યયન સાર રે. સમજો૦૧૩
જન્મ મરણ દુઃખ જાણીને રે, લે તિહાં સંજમ ભાર રે;
કરમ તોડી હુવો કેવળી રે, મુક્તિપુરીમાં પામે સુખ સાર રે. સમજો૦૧૪
તે નગરીમાં સુખ શાશ્વતા રે, અનંત કુટુંબ સુખ માંય રે;
જન્મ મરણ રોગ કો નહિ રે, ચારે ગતિ અટવીમાં ન જાય રે. સમજો૦૧૫
સંવત અઢાર બેંતાલીસમાં રે, સાવંત સુખ ચોમાસ રે;
ઋષી ગુમાનસિંહ એમ કહે રે,રયણાદેવીનો છોડ કોઇપાસ રે. સ૦૧૬

[illegible] [illegible] લાલા, [illegible] નાચ એને. ૪
[illegible] [illegible] [illegible], [illegible] નહિ કરીશું એને;
[illegible] [illegible], [illegible] ન રહે, એને. ૫
[illegible] ગાળીયા, એણે કરી વિચાર એને;
[illegible] [illegible], કપટ કરી અપાર એને. ૬
ધન [illegible] લાવીયાં, [illegible] એને;
[illegible] [illegible], [illegible] નથી હોય એને. ૭
[illegible] [illegible], [illegible] નહિ હોય એને;
[illegible] [illegible], [illegible] હોય એને. ૮
દુઃખ આવ્યે [illegible] કરીએ, સુખમાં [illegible] એને;
[illegible] [illegible], [illegible] એને. ૯
[illegible] [illegible], [illegible] એને;
[illegible] [illegible], [illegible] એને. ૧૦
વિચાર કરતાં [illegible] પડશે, કોણ વેરી કોણ વ્હાલો એને;
પાપ કર્મનાં ભાતાં લઈને, દુર્ગતિમાં જઈ મ્હાલો એને. ૧૧
[illegible] એને [illegible], [illegible] કે જ્ઞાન એને;
ઉમેદચંદના ગાનમાં [illegible], ધરશે નિર્મળ ધ્યાન એને. ૧૨

॥ *ગહૂંલી ૨ જી. ॥

(" આવોને નંદલાલ રમવા આવોને રે. "—એ રાગ.)

(સાત વાર)

આદિતે આપ વિહાર કરીને, ગામે ગામમાં પાવ ધરીને,
પંથીપા પંથ [illegible] કરીને, મુનિવર શાતામાં રહેજો;
સુખ સહીયા રહેજો, મુનિ ફરી દરશન દેજો. ૧
સોમવારે શિષ્ય સંઘાતે લીધાં, બહુ વધે જ્ઞાન રસ ભરી પીધાં;
ભવ સાગર અંત કીધા, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૨
મંગળે મંગળિક મુનિવર ટોળી, ચાલે છે ગજગતે [illegible];

* સાધુઓ વિહાર કરે ત્યારે ગાવાની ગહૂંલી.

મુક્તિનો મારગ ખોલી, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૩
બુધવારે તમે બુદ્ધિના બળીયા, ઉપસમ રસની ઢાળમાં ઢળીયા;
ભાગ્ય ભલે મુનિ મળીયા, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૪
ગુરૂવારે ગુરૂ જન ગુણ ગાતા, જ્ઞાન ગોઠ કરી ઉપજાવી શાતા;
ભાવિક મન હરખાતા, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૫
શુક્રવારે સુમતિ લઈ સાથે, હળી મળી રહેજો એકજ વાતે;
જીવ જતન કરજો ખાંતે, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૬
શનીવારે શુભ ભાવમાં રહેજો, વહેલા વહેલા મુનિ દરશન દેજો;
વિનંતિ હમારી લેજો, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૭
સંયમ જતના કરીને વિચરજો, શાન્ત સ્વભાવમાં નિતનિત ઠરજો;
ભવસાગર વહેલા તરજો, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૮
ધર્મી સંઘ સરવે અરજ કરેછે, ગુરૂ બોધ વિના ખોટ પડેછે;
તેથી વિજોગ નડે છે, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૯
વાહાણ વિના કદી વેલો ન ચડશે, શૂર વિના જેમ વિર ન લડશે;
ગુરૂ વિના જ્ઞાન ન જડશે, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૧૦
શેષ કલ્પ કરી કરજો ચોમાસા, ઢળશે સુખ માગ્યાં દાવના પાસા;
અમને છે તરવાની આશા, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૧૧
વિદેશમાં જઈ વેહેલેરા વળજો, તરણ તારણ તમે બોલથી પળજો;
ઉમેદ વારથી મળજો, મુનિવર શાતામાં રહેજો. સુખ૦ ૧૨

॥ गहूंली ४ थी. ॥

(" કુકંટ અક્ષર લખી કહે તાત "—એ રાગ. અથવા
" આસણરા યોગી "—એ દેશી.)

શ્રીગુરૂપદપંકજની સેવા, લાગીછે મુજ મન હેવા રે; ગુરૂજી ઉપગારી. એ ટેક.
ગુરૂ ગુણ દરિયો, શુંપેરે ભરીયો, મુજથી કેમ જાયે તરીયો રે. ગુરૂજી૦ ૧
જ્ઞાન પાંચ માંહિ ઉપકારી, એ શ્રુત જ્ઞાનની બલિહારી રે; ગુરૂજી૦
અસંખ્ય જીવના ભાવ વિલાસે, સંખ્યાતા ભવ પ્રકાશે રે. ગુરૂજી૦ ૨
લોકના ભાવ તે જ્ઞાનથી કહીયે, સદ્ગુરૂ મુખથી લહીયે રે; ગુરૂજી૦
દરશન સહિત જ્ઞાન તે ભાસે, દરશન મોહની નાશે રે. ગુરૂજી૦ ૩

...ળીને વિચાર કરશો ૩૧, તોપણ તે જાણવું હોય છે. ...
...વિચાર કરતાં નહિ, ... આત્મા ... છે ...
...સહિત કરે છે. કિયા, તે અભ્યાસથી ... છે; ...
...આવું જાણો ... છે, ... તે કર્તવ્ય છે. ...

॥ ગહુંલી ૫ મી. ॥

(એ ચાલ ... રાગ ... એ ચાલ.)

હાંરે સામળી ... , હાંરે ... આતમ ... રે;
... મુનિવર ... વાણી ... એ ટેક.
હાંરે ... , હાંરે ... અહાલીર રે, સાજુ૦ ૧
હાંરે ... , હાંરે ... રે; સાજુ૦
હાંરે ... , હાંરે ... રે, સાજુ૦ ૨
હાંરે ... , હાંરે ... રે; સાજુ૦
હાંરે ... , હાંરે ... . સાજુ૦ ૩
હાંરે ... , હાંરે ... રે; સાજુ૦
હાંરે ... , હાંરે ... રે. સાજુ૦ ૪
હાંરે ... , હાંરે ... રે; સાજુ૦
હાંરે ... , હાંરે ... રે. સાજુ૦ ૫
હાંરે ... , હાંરે ... મુનિરાજ રે; સાજુ૦
હાંરે ... , હાંરે આનંદ આનંદ અપાર રે. સાજુ૦ ૬
હાંરે ... , હાંરે ... રે; સાજુ૦
હાંરે ... , હાંરે ... રે. સાજુ૦ ૭

॥ ગહુંલી ૬ ઠી. ॥

(હરીયાળી.)

સખી રે મેં તો કૌતક દીઠું, સાધુ સરોવર ઝીલતા રે,
સખી રે મેં તો કૌતક દીઠું, નાકે રૂપ નીહાળતા રે;
સખી રે મેં તો કૌતક દીઠું, કાનનથી રસ ચાખતાં રે,
સખી રે મેં તો કૌતક દીઠું, મુનિવર નાચીયો રંગે રે. ૧
સખી રે મેં તો કૌતક દીઠું, નારી ... રે,

વિઘટે મિથ્યાત્વ આતમ કેરા, ટાળે તે ભવનો ફેરો રે; ગુરૂજી૦
સમકીત વિણ સંજમ નહિ રચના, આગમ માંહે છે વચનાં રે.ગુરૂજી૦૪
સમકીત સહિત કરે જે ક્રિયા, તે ભવસમુદ્રથી તરીયા રે; ગુરૂજી૦
એહવી વાણી ઓઠમ કેરી, નાસે દૂર કર્મરૂપ વેરી રે. ગુરૂજી૦૫

॥ गहुली ५ मी. ॥

(" વાડીના ભમરા દ્રાક્ષ મીઠી રે ચાંપાનેરની "—એ રાગ.)

જીરે કામની કહે સુણો કંથ જી, જીરે ફળીયા મનોરથ આજ રે;
નણદીના વીરા, મુનિવર પધાર્યો ચાલો વાંદવા.   એ ટેક.
જીરે ભવોદધી પાર ઉતારવા, જીરે તારણ તરણ જહાજ રે. નણ૦૧
જીરે ગુણશીલ ચૈત્ય સમોસર્યો, જીરે વીરતણાં છે પટોધાર રે; નણ૦
જીરે પાંચશેં મુનિ પરીવાર છે, જીરે તિરથના અવતાર રે. નણ૦૨
જીરે કંચન કામની પરીહર્યો, જીરે પ્રગટયા છે ગુણ વિતરાગ રે; નણ૦
જીરે પરીસ્સાહની ફોજને જીતવા, જીરે કર ધર્યું ઉપશમ ખડ્ગ. નણ૦૩
જીરે પ્રવચન માતાને પાળતા, જીરે સુમતી ગુપતી ધરનાર રે; નણ૦
જીરે મેરૂ ગીરી સમ મોટકા, જીરે પંચે મહાવ્રત ભાર રે. નણ૦૪
જીરે સુરપતી નરપતી જેહને, જીરે હોય કરજોડી હજુર રે; નણ૦
જીરે અમૃત સરિખી દેશના, જીરે પાપ પડલ હોય દૂર રે. નણ૦૫
જીરે કામની વયણે મીઠડાં, જીરે વાંદ્યા છે એમ મુનિરાજ રે; નણ૦
જીરે ગુરૂ મુખથી સુણી દેશના, જીરે આનંદ અંગ અપાર રે. નણ૦૬
જીરે દિપવિજય કવિરાજ જી, જીરે પૃથ્વી નંદન બલિહાર રે; નણ૦
જીરે ગૌત્તમ ગણધર પૂજ્ય જી, જીરે વીર શાશન શણગાર રે. નણ૦૭

॥ गहुली ६ ट्ठी. ॥

(હરીયાલી.)

સખી રે મેં તો કૌતક દીઠું, સાધુ સરોવર ઝીલતાં રે,
સખી રે મેં તો કૌતક દીઠું, નાકે રૂપ નીહાળતાં રે;
સખી રે મેં તો કૌતક દીઠું, લોચનથી રસ જાણતાં રે,
સખી રે મેં તો કૌતક દીઠું, મુનિવર નારીશું રમે રે. ૧
સખી રે મેં તો કૌતક દીઠું. નારી હીંચોળે કંથને રે,

સખી રે મેં તો કૌતક દીઠું, કંથ ઘણાં એક નારીને રે;
સખી રે મેં તો કૌતક દીઠું, સદા યૌવન નારી તે રહે રે,
સખી રે મેં તો કૌતક દીઠું, વેશ્યા વિલુધ્ધા કેવળી રે. ૨
સખી રે મેં તો કૌતક દીઠું, આંખ વિના દેખે ઘણું રે,
સખી રે મેં તો કૌતક દીઠું, રથ બેઠાં મુનિવર ચલે રે;
સખી રે મેં તો કૌતક દીઠું, હાથ જલે હાથી ડુબીયો રે,
સખી રે મેં તો કૌતક દીઠું, કુતરીએ કેસરી હણ્યો રે. ૩
સખી રે મેં તો કૌતક દીઠું, તરસ્યો પાણી નહિ પીયે રે,
સખી રે મેં તો કૌતક દીઠું, પગ વિહુણો મારગ ચલે રે;
સખી રે મેં તો કૌતક દીઠું, નારી નપુશક ભોગવે રે,
સખી રે મેં તો કૌતક દીઠું, અંબાડી ખર ઉપરે રે. ૪
સખી રે મેં તો કૌતક દીઠું, નર એક નિત્ય ઉભો રહે રે,
સખી રે મેં તો કૌતક દીઠું, બેઠો નથી નવિ બેસશે રે;
સખી રે મેં તો કૌતક દીઠું, અર્ધ ગગન વચ્ચે તે રહે રે,
સખી રે મેં તો કૌતુક દીઠું, માંકડે માહાજન ઘેરીયો રે. ૫
સખી રે મેં તો કૌતક દીઠું, ઉંદરે મેરૂ હલાવીયો રે,
સખી રે મેં તો કૌતક દીઠું, સૂર્ય અજવાળું નવી કરે રે;
સખી રે મેં તો કૌતક દીઠું, લઘુ બંધવ બત્રીસ ગયા રે,
સખી રે મેં તો કૌતક દીઠું, રોકે નહિ ઘડી બેનડી રે. ૬
સખી રે મેં તો કૌતક દીઠું. શામળો હંસ મેં દેખીયો રે,
સખી રે મેં તો કૌતક દીઠું, કાટ વળ્યો કંચન ગીરી રે;
સખી રે મેં તો કૌતક દીઠું, અંજનગિરી ઉજ્વળ થયા રે,
સખી રે મેં તો કૌતક દીઠું, તોય પ્રભુ ના સંભારીયા રે. ૭
સખી રે મેં તો કૌતક દીઠું, વયર સ્વામિ સુતા પારણે રે,
સખી રે મેં તો કૌતક દીઠું, શ્રાવિકા ગાવે હાલરાં રે;
સખી રે મેં તો કૌતક દીઠું, મોટાં થઈ અર્થ તે કહેજો રે,
સખી રે મેં તો કૌતક દીઠું, શ્રી શુભ વીરને વાલડાં રે. ૮

पांच गतिमां जीव कया कया प्रकारथी जाय छे तेनी सज्झाय.

("અરણીક મુનિવર ચાલ્યા ગોચરી"—એ રાગ.)

આરંભ કરતાં રે જીવ શંકે નહિ, મદ માંસનો કરે આહારો જી,
ઘાત કરે રે પંચેન્દ્રિ જીવની, મન મેલણ તૃષ્ણા અપારો જી;
એ ચાર પ્રકારે રે જીવ જાય નરકમાં. ૧
કૂડ કપટને રે કૂડ માયા કરે, બોલે મૃષા વાયજી,
કૂડા તોલા રે કૂડા માપલા, ખોટા લેખ લખાયજી;
એ ચાર પ્રકારે રે જીવ જાય તિર્યંચમાં. ૨
સરલ સ્વભાવિક ભદ્રિક પ્રણામથી, વિનય તણાં ગુણ આય જી,
દયા ભાવ રે રાખે દીલમાં, મત્સર નહિ ઘટ માંય જી;
એ ચાર પ્રકારે રે જીવ જાય મનુષ્યમાં. ૩
સરાગપણેથી પાળે સાધુપણું, શ્રાવકના વ્રત બારો જી,
અજ્ઞાન કષ્ટ અકામ નિર્જરા, તિણથું સુર અવતારો જી;
એ ચાર પ્રકારે રે જીવ જાય દેવમાં. ૪
જ્ઞાનથી જાણે રે જીવ અજીવને, શ્રદ્ધા ને સમકીત આવે જી,
ચારિત્રથી રોકે નવા કર્મ આવતાં, તપે પૂર્વના કર્મ ખપાવે જી;
એ ચાર પ્રકારે રે જીવ જાય મોક્ષમાં. ૫

दीवाळीनुं स्तवन.

॥ गहुली ७ मी. ॥

("ચિત્ત ચોખે ચોરી નવ કરીએ રે."—એ રાગ.)

રમતી ગમતી અમુને સાહેલી, બેહુ મળી લીજીએ એક તાલી રે;
સખી આજ અનુપમ દીવાળી.—એ ટેક
શીલ વિલાસે પૂરણ માસે, પોષ દશમ નીશી રળિયાળી રે. સ० ૧

પંશુપંખી વસીયા વનવાસી, તે પણ સુખીયા સમકાલી રે; સ૦
એણી રીતે ઘર ઘર ઓછવશે, સુખીયા જગતમેં નરનારી રે. સ૦ ૨
ઉત્તમ ગૃહ વિશાખા જોગે, જનમ્યા પ્રભુ જી જયકારી રે; સ૦
સાતે નરકે થયા અજવાળા, સ્થાવરને પણ સુખકારી રે. સ૦ ૩
માત નમી આઠે દિગકુંવરી, અધો લોકની વસનારી રે;
સુતી ઘર ઇશાને કરતી, જોજન એક અશુચી ટાળી રે. સ૦ ૪
ઉર્ધ્વલોકની આઠ કુમારી, વરસાવે જલ કુસુમાલી. રે
પૂરવ રૂચક આઠ દર્પણ ધરતી, દક્ષીણની અષ્ટ કળશાળી રે. સ૦ ૫
આઠ પશ્ચીમની પંખા ધરતી, ઉત્તમ આઠ ચમર ઢાળી રે; સ૦
વિદિશીની ચૌ દીપ ધરંતી, રૂચક દ્વિપની ચોબાળી. રે. સ૦ ૬
કેલી તણા ઘર ત્રણ કરીને, મર્દન સ્નાન અલંકારી રે;
રક્ષા પોટલી બાંધી બેહુને, મંદીર મેલ્યા શણગારી રે. સ૦ ૭
પ્રભુ કમળે અમરી ભમરી, રાશ રમંતી લટકાળી રે;
પ્રભુ માતા તું જગતની માતા, જગ દિપકની ધરનારી રે. સ૦ ૮
માજી તુમ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપગારી રે; સ૦
છપન દિગકુંવરી ગુણગાતી, શ્રી શુભવીર વચનશાલી રે. સ૦ ૯

દીવાળીનું સ્તવન.

("ભમરા પહેલો વધાવો મારે આવીયો."—એ દેશી.)

ભવીયાં પ્રથમ જીનેશ્વર પાય નમી, ભવીયાં પ્રણમી તે સદગુરૂ પાય રે;
પરવ આવીયો. (એ આંકણી.)
સાનીધ કારણ સરસ્વતિ, ભવીયાં અક્ષર આણજો સોય રે. દી૦ ૧
પાવાપુરી તે પુર્વ દીસે, ભવીયાં વીર પધાર્યા ઉલ્લાસ રે; દી૦
ભવીયાં હસ્તીપાળ રાજાની વિનતિ, ભવીયાં જઇ કીયો ચોમાસ રે. દી૦ ૨
ભવીયાં પક્ષ નેવાસી બાકી રહ્યાં, ભવીયાં ચોથા આરાની જેણીવાર; દી૦
ભવીયાં સોલ પહોર લગે દેશના, ભવીયાં દોય દીન કેરો સંચાર રે. દી૦ ૩
ભવીયાં રાજ અઢારે દેશના, ભવીયાં દોય દોય પોસા કીધ રે; દી૦

ભવીયાં કાંરતક વદી અમાવાસ્યાં,ભવીયાં વીરજીએ શીવસુખ લીધ રે,દી૦૪
ભવીયાં સકળ તિર્થમાંહિ જીનવરા,ભવીયાં નામે તે જીન વર્ધમાન રે;દી૦,
ભવીયાં તે વીર શીવસુખ પામીયાં, ભવીયાં ગૌતમ કેવળજ્ઞાન રે. દી૦૫
ભવીયાં જ્યારી પાટે તે શોભતાં, ભવીયાં શ્રી સોહમ ગણધાર રે; દી૦,
ભવીયાં જાસ પરંપરા ચાલશે, ભવીયાં વરસ એકવીશ હજાર રે, દી૦૬
ભવીયાં દેવ ઈંદ્ર બહુ આવીયાં, ભવીયાં વીર તણો નીરવાણ રે; દી૦,
ભવીયાં તિણ દીન કરણી ઈસી કરો,ભવીયાં સકલ કરમનો નાશ રે. દી૦૭
ભવીયાં સમ સંવેગ નિર્વેગશું, ભવીયાં લીપોને આતમ એહ રે; દી૦,
ભવીયાં અનુકંપા ને વળી આસતાં. ભવીયાં આછો રંગ કરે રે. દી૦૮
ભવીયાં કમલ પુલાદિક ચીતરો, ભવીયાં આચાર આઠ વખાણ રે; દી૦,
ભવીયાં નિસંકીયાદિક દેખ લ્યો, ભવીયાં સમકીતનાં તે જાણ રે. દી૦૯
ભવીયાં ઉપસમ જળે ન્હાઈ કરી, ભવીયાં નરનારી કરો શણગાર રે. દી૦
ભવીયાં વિવેક વસ્ત્ર સોહામણાં, ભવીયાં આભુષણ આશા ત્યાંય. દી૦૧૦
ભવીયાં ધ્યાન તેહલ મોદકભલાં, ભવીયાં મગદળીયાં મનસ્થીર રાખરે;દી૦,
ભવીયાં મરમરીયાં મરદવ તણાં, ભવીયાં સરલ સેવઇયા આપ રે. દી૦૧૧
ભવીયાં ગંભીર ગુણ ગણા વળી, ભવીયાં દમ ગુણ દંઈવડા જાણ રે;દી૦,
ભવીયાં સકરપારા ભલાં સંવેગના, ભવીયાં ખાજલાં ક્ષેમા પરમાણ રે.દી૦૧૨
ભવીયાં શુદ્ધ સદહણાં એહવી, ભવીયાં પડપણા શુદ્ધ તેમ રે; દી૦
ભવીયાં ફાફ્ડા શુદ્ધ ફરસણ તણાં, ભવીયાં ભાવશું કીજીયે એમ રે. દી૦૧૩
ભવીયાં લાવણ્યતા મીઠી લાપસી, ભવીયાં વડાઈ શણે વડા હોય રે;દી૦,
ભવીયાં દયાળ દાતારપણું તિહાં,ભવીયાં ચિત્ત ચોખા તિહાં જોય રે.દી૦૧૪
ભવીયાં સેવ સેવા સદ્ગુરૂ તણી, ભવીયાં ગુણ ગ્રહણ મત આંણ રે;દી૦,
ભવીયાં ખમાંસમણાં ખાંડ શોભતી, ચઢશે તે કાજ પરમાણ રે.દી૦૧૫
ભવીયાં પાપડ પાપ આલોઈયા, ભવીયાં કાઉસગ્ગ કર કપુર રે;દી૦
ભવીયાં સત્ય વચન તણાં સાલણાં, ભવીયાં તપ તંબોલ ભરપુર રે.દી૦૧૬
ભવીયાં દીર્ઘ દ્રષ્ટી દીવા કરો, ભવીયાં વિનય તણી કરો વાટ રે, દી૦
ભવીયાં કરમ પકાવી કરો કોડીયાં,ભવીયાં જીમ મટે સર્વ ઉચાટ રે.દી૦૧૭

ભવીયાં તેલ સીંચો નવ તત્વનો, ભવીયાં દેવ ગુરૂને વળી ધર્મ રે;દી૦
ભવીયાં શુદ્ધ અર્થે એને આળેખો, ભવીયાં ધર્મ તણો એ છે મર્મ રે.દી૦
ભવીયાં મેરાયાં ત્રણ મનોરથ તણાં, ભવીયાં બીજે હાણે અધીકાર રે; દી૦
ભવીયાં દીવાળી તે દરશન તણી, ભવીયાં શુદ્ધ ગ્રહે જે કોય રે. દી૦
ભવીયાં પડીક્કમણાં હોય ટંકના, ભવીયાં સાંજ અને પરભાત રે; દી૦
